dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS




# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 09 | Issue- 02 | AD - 2025, Aso Sud-10 | Thursday, Dt.02-10-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00




## આરએસએસની એક જ ભાવના, રાષ્ટ્ર પ્રથમ : મોદી

નવીદિલ્હી,તા.૧

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ૧૦૦મી વર્ષગાંઠ નિમિત્તે દિલ્હીમાં એક ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમના સંબોધનમાં, વડાપ્રધાન મોદીએ આરએસએસના યોગદાનને યાદ કર્યું. તેમણે કહ્યું કે આરએસએસ રાષ્ટ્રીય ચેતનાનું એક સદ્‌ગુણી સ્વરૂપ છે. આરએસએસના પ્રભાવ હેઠળ સેંકડો જીવન ખીલ્યા છે. આરએસએસએ આ દેશમાં દરેક ક્ષેત્ર અને સમાજના દરેક પાસાને સ્પર્શ્યું છે. મોદીએ કહ્યું કે સંઘમાં ક્યારેય કોઈ વિરોધાભાસ રહ્યો નથી કારણ કે દરેક શાખાની ભાવના અને ઉદ્દેશ્ય એક જ છેઃ રાષ્ટ્ર પ્રથમ. તેની સ્થાપનાથી, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે એક ઉચ્ચ ઉદ્દેશ્ય અપનાવ્યો છે.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
ગુરુવાર, તા. ૦૨-૧૦-૨૦૨૫

### ડિગ્નિટી જસ્ટીસ ફોર હ્યુમન રાઈટસ ફાઉન્ડેશનના

# જિલ્લા પ્રમુખ તરીકે સુરેશ દેસાઈની કરાઈ વરણી

અમરેલી,તા.૦૧

તાજેતરમાં ડિગ્નિટી જસ્ટીસ ફોર હ્યુમન રાઈટસ ફાઉન્ડેશનના અમરેલી જિલ્લાના હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી છે. જેમાં નવનિયુકત પ્રમુખ તરીકે સુરેશભાઈ દેસાઈની નિમણૂંક કરવામાં આવી છે. આ ડિગ્નિટી જસ્ટીસ ફોર હ્યુમન રાઈટસ ફાઉન્ડેશનની કામગીરી પર નજર નાખીએ



તો આ ફાઉન્ડેશનનું કાર્ય માનવ સેવા, તબીબી સહાય, શિક્ષણ, પર્યાવરણ, સાંસ્કૃતિક કાર્યક્રમો, સરકારી કાર્યક્રમોનો ભાગ રહેશે. જો કોઈ ખોટુ કાર્ય થશે તો આ ફાઉન્ડેશન અવાજ ઉઠાવશે સાથોસાથ મહિલા શક્તિના કાર્યને પ્રોત્સાહન આપવા જેવા કાર્યો પણ કરશે. આ ફાઉન્ડેશન સમાજ સેવા, પર્યાવરણીય સંરક્ષણ અને જાગૃતિ, રક્તદાન, અનાથાશ્રમ, વૃધ્ધાશ્રમ, સરકારી યોજનાઓનું અમલીકરણ સહિતના વિશેષ કાર્યો કરશે. જિલ્લા પ્રમુખ સુરેશભાઈ દેસાઈને ડિગ્નિટી જસ્ટીસ ફોર હ્યુમન રાઈટસ ફાઉન્ડેશન દ્વારા સ્મૃતિપત્ર આપી

**ફાઉન્ડેશન તબીબી સહાય, શિક્ષણ, પર્યાવરણ સહિતના કાર્યો કરશે**

નિમણૂંક કરવામાં આવી હતી. જિલ્લા પ્રમુખ તરીકે સુરેશભાઈ દેસાઈની વરણી થતા મિત્રો, શુભેચ્છો અને પત્રકારોએ આ વરણીને આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

# બાબરા તાલુકાના વિકાસ માટે ૫ કરોડનો રોડ પ્રોજેક્ટ મંજૂર કરાવતા જનક તળાવીયા

બાબરા, તા.૦૧

લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના પ્રયાસોથી નીલવડાથી તાઈવદર સુધીના રોડને રૂપિયા ૫ કરોડના ખર્ચે મંજૂરી મળી છે. વર્ષોથી ખરાબ હાલતમાં રહેલા આ રોડને કારણે સ્થાનિક લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. ચોમાસામાં પરિસ્થિતિ વધુ ગંભીર બનતી હતી. આ અંગે જનકભાઈ



તળાવીયાએ સરકારમાં રજૂઆત કરતા નવા રોડ માટે મંજૂરી મળી છે. નવા રોડના નિર્માણથી વિદ્યાર્થીઓને શાળાએ જવામાં

**ખરાબ રોડને કારણે રાહદારીઓને મુશ્કેલી પડતી હતી**

તથા વાહનચાલકોને અવરજવર સરળ બનશે. પ્રોજેક્ટ ટૂંક સમયમાં શરૂ થશે અને ગુણવત્તાયુક્ત નિર્માણ સુનિશ્ચિત કરાશે. સ્થાનિક લોકોએ આ વિકાસકાર્ય માટે ધારાસભ્યનો આભાર વ્યક્ત કર્યો છે.

### પશુપાલકોના હિતમાં અમર ડેરીનો મોટો નિર્ણય

# દૂધના પ્રતિ કિલો ફેટે ભાવમાં રૂ. ૧૫નો વધારો

અમરેલી,તા.૦૧

અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ (અમર ડેરી) દ્વારા પશુપાલકોના હિતમાં એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ઘાસચારા અને ખાણદાણના વધેલા ભાવોને ધ્યાનમાં લઈને પશુપાલકોને તેમના દૂધના પોષણક્ષમ ભાવ







મળી રહે તેવા ઉમદા હેતુથી દૂધના પ્રતિ કિલો ફેટના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. અમર ડેરીના સ્થાપક ચેરમેન દિલીપભાઈ સંઘાણી અને સ્થાપક ડિરેક્ટર પરશોતમભાઈ રૂપાલા સાથે પરામર્શ કરીને, ચેરમેન, વાઈસ ચેરમેન અને બોર્ડ ઓફ ડિરેક્ટરોની ઉપસ્થિતિમાં આ નિર્ણય લેવાયો છે. હાલમાં દૂધના પ્રતિ કિલો ફેટનો ભાવ રૂ.૮૧૦ છે, જેમાં રૂ.૧૫નો વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ નવા ભાવનો અમલ તારીખ ૧૧-૧૦-૨૦૨૫ થી કરવામાં આવશે. અમર ડેરીના મેનેજિંગ ડિરેક્ટર ડૉ. આર.એસ. પટેલની યાદીમાં આ બાબતની નોંધ લેવા માટે તમામ દૂધ મંડળીઓ, ખેડૂતો અને પશુપાલક ભાઈઓ તથા બહેનોને જણાવવામાં આવ્યું છે.

# રાજુલાના સાજણાવાવ ગામે રૂ. ૨૬ લાખના ખર્ચે નવનિર્મિત પેટા આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ

રાજુલા,તા.૦૧

રાજુલા તાલુકાના સાજણાવાવ ગામે અંદાજે રૂ.૨૬ લાખના ખર્ચે નવનિર્મિત પેટા આરોગ્ય કેન્દ્રનું



ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પેટા આરોગ્ય કેન્દ્ર ખાતે ડાયાબિટીસ, બીપી અને અન્ય રોગોનું નિદાન, માર્ગદર્શન અને પ્રાથમિક સારવાર ઉપલબ્ધ થશે. સાથે જ, સરકારની વિવિધ આરોગ્યલક્ષી સેવાઓ અંગેની માહિતી અને માર્ગદર્શન પણ મળી રહેશે.

# અમરેલી જિલ્લાની નગરપાલિકાઓમાં સ્ત્રી અનામત બેઠકોમાં ફેરફાર

અમરેલી,તા.૦૧

રાજય ચૂંટણી આયોગ દ્વારા અમરેલી સહિત જિલ્લાની તમામ નગરપાલિકાઓમાં સ્ત્રી અનામત અથવા તો બક્ષીપંચ અનામતની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે. જેના કારણે આવનાર નગરપાલિકાની ચૂંટણીમાં નવા નિયમ મુજબ સીટની ફાળવણી કરવામાં આવશે. જો અમરેલી નગરપાલિકાની વાત કરીએ તો અમરેલીમાં ૧૧ વોર્ડ અને ૪૪ બેઠકો નિર્ધારિત કરવામાં આવેલ છે જે પૈકી અનુસૂચિત જાતિની બે બેઠકો પૈકી એક બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રીઓ માટે અનામત, અનુસૂચિત આદિજાતિની એક બેઠક સ્ત્રી માટે અનામત અને ૧૨ બેઠકો પૈકી ૬ બેઠકો પછાત વર્ગ સ્ત્રી માટે અનામત રાખવામાં આવેલ છે. કુલ સ્ત્રી અનામત બેઠકોની સંખ્યા ૨૨ છે. જ્યારે બાબરા નગરપાલિકા માટે ૬ વોર્ડ અને ૨૪ બેઠકો નિર્ધારિત કરવામાં આવેલ છે જે પૈકી અનુસૂચિત જાતિની બે બેઠકો તે પૈકી એક બેઠક સ્ત્રી માટે અનામત અને પછાત વર્ગની ૬ બેઠકો પૈકી ૩ બેઠકો પછાત વર્ગ સ્ત્રી માટે રાખવામાં આવેલ છે. આમ કુલ સ્ત્રી અનામત બેઠકોની સંખ્યા ૧૨ છે. બગસરા નગરપાલિકામાં ૭ વોર્ડ અને ૨૮ બેઠકો નિર્ધારિત કરવામાં આવેલ છે જે પૈકી અનુસૂચિત જાતિની બે બેઠકો તે પૈકી એક બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રીઓ માટે અનામત, અનુસૂચિત આદિજાતિની કોઈપણ બેઠક રાખવામાં આવેલ નથી તો પછાત વર્ગની ૮ બેઠકો પૈકી ૪ બેઠકો પછાત વર્ગ સ્ત્રી માટે અનામત રાખવામાં આવેલ છે. આમ કુલ સ્ત્રી અનામત બેઠકોની સંખ્યા ૧૪ છે.

દામનગર નગરપાલિકા માટે ૬ વોર્ડ અને ૨૪ બેઠકો નિર્ધારિત કરવામાં આવેલ છે જે પૈકી અનુસૂચિત જાતિની બે બેઠકો તે પૈકી ૧ બેઠક સ્ત્રી માટે અનામત તેમજ પછાત વર્ગની ૬ બેઠકો પૈકી ૩ બેઠકો પછાત વર્ગ સ્ત્રી માટે અનામત રાખવામાં આવેલ છે. આમ કુલ સ્ત્રી અનામત બેઠકોની સંખ્યા ૧૨ છે. સાવરકુંડલા નગરપાલિકા માટે ૯ વોર્ડ અને ૩૬ બેઠકો નિર્ધારિત કરવામાં આવેલ છે જે પૈકી અનુસૂચિત જાતિની બે બેઠકો તે પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રી માટે અનામત રાખવામાં આવેલ છે તો પછાત વર્ગની ૧૦ બેઠકો પૈકી પાંચ બેઠકો પછાત વર્ગ સ્ત્રી માટે અનામત રાખવામાં આવેલ છે. આમ કુલ સ્ત્રી અનામત બેઠકોની સંખ્યા ૧૮ છે.

# ખીચામાં સિંહ પરિવારે મારણ કરતા ભયનો માહોલ

અમરેલી,તા.૦૧

ધારી તાલુકાના ખીચા ગામમાં રાત્રિના સમયે એક સિંહણ તેના સિંહબાળ સાથે પ્રવેશી હતી. સિંહ પરિવારે ગામમાં બે પશુઓનું મારણ કર્યું હતું, જેના કારણે ગ્રામજનોમાં ગભરાટ ફેલાયો છે. આ સિંહ પરિવાર ગામની શેરીઓ અને બજારમાં પણ લટાર મારતો જોવા મળ્યો હતો, જેને પગલે સ્થાનિક લોકોમાં વધુ ફફડાટ ફેલાયો હતો. ઘટનાની જાણ



થતાં જ વનવિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. અમરેલી જિલ્લામાં સિંહોની વધતી જતી સંખ્યાના કારણે તેઓ હવે રેવન્યુ વિસ્તારમાંથી ગામડાઓમાં વધુ અવરજવર કરી રહ્યા છે. આનાથી ખેડૂતો અને સ્થાનિક લોકોમાં સતત ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

# અમરેલી જિલ્લા સહિત સમગ્ર દેશમાં સંઘ શતાબ્દી વર્ષની ઉજવણીનો પ્રારંભ

અમરેલી,તા.૦૧

વિશ્વનું સૌથી મોટું સમાજસેવી સંગઠન બનેલું રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) વિજયાદશમીના દિવસે ૧૦૦ વર્ષ પૂર્ણ કરી રહ્યું છે, જે અવસરે સમગ્ર દેશમાં સંઘ શતાબ્દી મહોત્સવ ઉજવાશે. અમરેલી જિલ્લામાં પણ પ્રબુદ્ધ નાગરિકોને સાથે રાખીને સંઘ શતાબ્દી વર્ષ ઉજવાશે. આ અંતર્ગત સમગ્ર જિલ્લામાં ઉત્સવનું આયોજન થશે. તા. ૨ના રોજ અમરેલી તાલુકાનો ઉત્સવ ચિતલ ગુરુકુળ મુકામે બપોરે ૩:૩૦ થી ૭:૦૦ કલાકે, બાબરા ખાતે સવારે ૮:૦૦ થી ૧૨:૦૦ વિવેકાનંદ સંકુલ મુકામે, લીલીયા ખાતે સાંજે ૪:૦૦ થી ૬:૦૦ અમૃતબા શાળા મુકામે, ધારી ખાતે સાંજે ૩:૩૦ થી ૭:૦૦ દામાણી હાઈસ્કૂલ મુકામે, બાબરા નગરનો ઉત્સવ સાંજે ૪:૦૦ થી ૭:૦૦ માધાણી હાઈસ્કૂલ મુકામે યોજાશે. તા. ૪ના રોજ લાઠી ખાતે સાંજે ૪:૦૦ થી ૬:૦૦ તાલુકા શાળા ખાતે, કુંકાવાવ ખાતે સાંજે ૫:૦૦ થી ૭:૦૦ વ્રજ વિદ્યાલય મુકામે યોજાશે. જ્યારે તા. ૫ના રોજ અમરેલી નગર ખાતે બપોરે ૩:૩૦ થી ૭:૦૦ ફોરવર્ડ સ્કૂલ મુકામે તથા બગસરા તાલુકાનો ઉત્સવ રાત્રે ૮:૦૦ થી ૧૦:૦૦ હામાપુર હાઈસ્કૂલ મુકામે યોજાશે. ઉપરોક્ત કાર્યક્રમમાં ગણવેશ સાથે સ્વયંસેવકોનું જાહેર માર્ગ પર પથ સંચલન, શસ્ત્રપૂજન તથા બૌદ્ધિક સહિતના કાર્યક્રમો યોજાશે. આ દરેક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સમાજના દરેક લોકોને આમંત્રણ છે તેમ અમરેલી જિલ્લા પ્રચાર પ્રમુખ સંજયભાઈ અગ્રાવતની યાદી જણાવે છે.

# દામનગરને તાલુકો બનાવવા જનક તળાવીયાએ સ્થાનિકો સાથે મળી મુખ્યમંત્રીને કરી રજૂઆત

દામનગર,તા.૦૧

ધારાસભ્ય જનકભાઈ તળાવીયા અને દામનગર શહેર અને સુરત ખાતે વસતા દામનગરના આગેવાનો તથા વિવિધ સંગઠનના કાર્યકર્તાઓએ એકજૂથ થઈને દામનગરને નવો તાલુકો બનાવવાની માંગણી સાથે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સમક્ષ



લેખિતમાં રજૂઆત કરી હતી. આગેવાનોએ મુખ્યમંત્રીને સુપરત કરેલા લેટરમાં જણાવ્યું હતું કે, દામનગર તાલુકો બને તો આ વિસ્તારના લોકોને વહીવટી કામો માટે દૂર સુધી જવું નહીં પડે અને સ્થાનિક વિકાસ કાર્યોને પણ વેગ મળશે. સુરતમાં વસતા મૂળ દામનગરના લોકોએ પણ આ માંગને પોતાનો ટેકો જાહેર કર્યો હતો. મુખ્યમંત્રીએ આ રજૂઆતને ધ્યાનથી સાંભળી અને યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી હોવાનું જાણવા મળ્યું છે.









શહેરના સામાજીક અને રાજકિય અગ્રણીઓ સંજોગ કાર્યાલય ખાતે પહોંચ્યા

# સંજોગ ન્યૂઝનો ૯મા વર્ષમાં મંગલ પ્રવેશ થતા શુભેચ્છાઓનો ધોધ






અમરેલી,તા.૦૧

સંજોગ ન્યૂઝ એ અમરેલી જિલ્લાનું એકમાત્ર અખબાર છે જે સપ્તાહના સાતેય દિવસ પ્રકાશિત થાય છે. પહેલી ઓક્ટોબર ૨૦૧૭ના રોજ શરૂ થયેલું સંજોગ ન્યૂઝ ધીમે-ધીમે જિલ્લામાં છેવાડાના માનવી સુધી પહોચ્યું છે. સંજોગ ન્યૂઝે ૮ વર્ષ પુરા કરી નવરાત્રિના નવમા નોરતે ૯મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો હતો. સંજોગ ન્યૂઝનો ૯મા વર્ષમાં મંગલ પ્રવેશ થતા અમરેલી શહેર અને જિલ્લાના રાજકિય, સામાજિક અગ્રણીઓ અને પત્રકાર મિત્રો સંજોગ કાર્યાલય ખાતે આવી પહોચ્યા હતા. જયાં અગ્રણીઓએ સંજોગ ન્યૂઝના તંત્રી વસંતભાઈ મોવલીયા, સુરેશભાઈ દેસાઈ અને ટીમ સંજોગને અભિનંદન પાઠવી સંજોગ ન્યૂઝ હરહંમેશ સામાન્ય માનવીના લોકપ્રશ્ન જવાબદાર લોકો સુધી પહોંચાડે તેમજ લોક ઉપયોગી માહિતી પૂરી પાડે તેવી શુભકામના પાઠવી હતી.

## રાજુલામાં પીએમ સ્વનિધિ યોજના અંતર્ગત લોક કલ્યાણ મેળો યોજાયો


તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા, તા. ૦૧

તા.૩૦/૦૯/૨૦૨૫ મંગળવારના રોજ અમરેલી જિલ્લા રાજુલા નગરપાલિકા દ્વારા કર્મચારીઓ અને PM SVANIDHI યોજનાના લાભાર્થીઓનો શહેરી વિકાસ વર્ષ -૨૦૨૫ અન્વયે PM SVANIDHI યોજના અંતર્ગત "લોક કલ્યાણ મેળા" નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ નાનો મોટો ધંધો રોજગાર કરતા શહેરી ફેરિયાઓને PM SVANIDHI ૨.૦ અંગે સંપૂર્ણ રીતે માહિતગાર કરવામાં આવ્યા હતા.

## સાવરકુંડલામાં જીવાદોરી સમાન મુખ્ય માર્ગ બનતાં જ તૂટ્યો: ગુણવત્તા સામે ગંભીર સવાલો

સાવરકુંડલા,તા.૦૧



સાવરકુંડલા શહેરની જીવાદોરી સમાન અને વેપાર-ધંધાનું હૃદય ગણાતા નાવલી નદીમાંથી પસાર થતા મુખ્ય માર્ગના નવીનીકરણની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. જે રસ્તા માટે શહેરના હજારો લોકોએ મહિનાઓ સુધી ધંધા-રોજગાર બંધ રાખી પારાવાર મુશ્કેલી અને આર્થિક નુકસાન સહન કર્યું, તે રસ્તો તૈયાર થતાંની સાથે જ તેમાં તિરાડો દેખાવા લાગી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, શહેરને મજબૂત માર્ગ મળશે તેવી આશાએ લોકોએ લાંબો સમય હાડમારી સહન કરી હતી. વેપારીઓના ચહેરા પર સંતોષનું સ્મિત આવ્યું ત્યાં જ રસ્તા પરની આ તિરાડોએ લોકોના વિશ્વાસ પર પાણી ફેરવી દીધું છે. જનતા હવે સવાલ કરી રહી છે કે, આટલો ભોગ આપ્યા પછી પણ જો રોડ હજુ બની રહ્યો છે ત્યાં જ તૂટવાનો પ્રારંભ થાય, તો તેને 'વિકાસ' કેવી રીતે કહેવો? થોડા સમય પહેલાં ધારાસભ્ય મહેશભાઈ કસવાળા દ્વારા 'નબળું કામ નહીં ચાલે' તેવી સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી હતી પરંતુ, આ તિરાડો પરથી સ્પષ્ટ થાય છે કે તેમના સૂચનોને પણ જાણે ઘોળીને પી જવામાં આવ્યા છે. સાવરકુંડલાની જનતાની સ્પષ્ટ માંગ છે કે હવે બહુ થયું, જનતાની પાઈએ-પાઈનો સદુપયોગ થવો જોઈએ.

## શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં પોલીસ દ્વારા સાયબર સિક્યુરિટી અંગે માર્ગદર્શન અપાયું

અમરેલી,તા.૦૧




અમરેલીના શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં પોલીસ દ્વારા સાયબર સિક્યુરિટી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અમરેલી પોલીસના સાયબર ક્રાઈમ IT એક્ષપર્ટની ટીમમાંથી સમીર ખાન, જયભાઈ ચૌહાણ IT એક્ષપર્ટ અને કાજલબેન ગોહિલ ઉપસ્થિત રહ્યા હતા. આ ટીમ દ્વારા સંસ્થાના ધો. ૧૦થી ૧૨ના વિદ્યાર્થીઓને આવનારા સમયમાં વધુ જટિલ બનનારા સાયબર ક્રાઈમ અંગે પાયાની જાણકારી અપાઈ હતી. આ ઉપરાંત અગત્યના ફોન નંબરો અને જરૂરી માહિતી દર્શાવતા પોસ્ટરો પણ આપ્યા હતા. કાર્યક્રમમાં સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસીયાએ હાજરી આપી હતી.

## સાવરકુંડલામાં ગાયના દૂધ અને શુદ્ધ કેસરથી બનેલું અનોખું શિવલિંગ

સાવરકુંડલા, તા.૦૧

સાવરકુંડલાના મણીભાઈ ચોક મિત્ર મંડળ (રાઉન્ડ) દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ અનોખા આયોજનો કરવામાં આવ્યા છે. નવરાત્રિના પર્વ નિમિત્તે મંડળ દ્વારા આકર્ષક અને આબેહૂબ શ્રી મહાકાળી માતાજીની ભવ્ય મૂર્તિનું નિર્માણ કરવામાં આવ્યું હતું, જેના દર્શન માટે હજારો શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. આ ભવ્ય આયોજનના ભાગરૂપે, મંડળ દ્વારા આજે એક અનોખી પહેલ કરવામાં આવી હતી. શુદ્ધ ગાયનું દૂધ અને શુદ્ધ કેસરનો ઉપયોગ કરીને બરફના શિવલિંગનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ અદ્ભુત અને મનમોહક શિવલિંગના દર્શન કરવા માટે પણ હજારો લોકોની ભીડ જામી હતી.








## સા.કુંડલાના જાબાળ ગામે બાળકોને રસીકરણ કરવાનો કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૦૧



સાવરકુંડલા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બાઢડાના આયુષ્માન આરોગ્ય મંદિર જાબાળ ખાતે તા. ૧-૧૦-૨૫ના રોજ "સ્વસ્થ નારી – સ્વસ્થ પરિવાર" કાર્યક્રમ મહા રસીકરણ દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા આરોગ્ય અધિકારી ડો. જોષી, ડો. સિંહ, ડો. જાટ, તાલુકા હેલ્થ ઓફિસર ડો. મીના, મેડિકલ ઓફિસર ડો.રિદ્ધિ મેડમ, અલ્પા મેડમનાં માર્ગદર્શન હેઠળ મહા રસીકરણ કાર્યક્રમમાં બાળકોને રસીકરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત હેલ્થ સુપરવાઈઝર ભરતભાઈ ગૌસ્વામી દ્વારા સગર્ભા બહેનોની આરોગ્ય માહિતી આપવામાં આવેલ હતી.












### મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૭૫/૨૦૨૫ — તા.૨૩/૦૯/૨૦૨૫

શ્રી રાઠોડભાઈ ભાભલુભાઈ ખુમાણ
રહે. જાવલડી, તા. વિસાવદર, જી. જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી, જાવલડી, તા. વિસાવદર, જી. જુનાગઢ ........સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી રાઠોડભાઈ ભાભલુભાઈ ખુમાણ રહે. જાવલડી, તા. વિસાવદર, જી. જુનાગઢએ તેમના પુત્ર શ્રી ધ્રુવદિપ રાઠોડભાઈ ખુમાણનો જન્મ તા.૦૧/૦૬/૨૦૦૬ ના રોજ વિસાવદર તાલુકાના જાવલડી ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, જાવલડી તા. વિસાવદરના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, જાવલડી, તા. વિસાવદર ના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૩ મી સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

### મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૬૪/૨૦૨૫ — તા. /૦૮/૨૦૨૫

શ્રી ધનજીભાઈ સોમાભાઈ પરમાર
રહે. હરીજન વાસ, અંધશાળા રોડ, વિસાવદર, તા. વિસાવદર, જી. જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
ચીફ ઓફીસરશ્રી નગરપાલિકા-વિસાવદર, તા. વિસાવદર ........સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી ધનજીભાઈ સોમાભાઈ પરમાર રહે. હરીજન વાસ, વિસાવદર, તા. વિસાવદર, જી. જુનાગઢએ તેમના દાદી શ્રી હીરૂબેન જીવણભાઈ પરમારનું મરણ તા.૧૦/૦૪/૧૯૮૫ ના રોજ વિસાવદર તાલુકાના વિસાવદર મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા-વિસાવદર, તા. વિસાવદરના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા-વિસાવદર, તા.વિસાવદર ના મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૬ મી ઓગષ્ટ ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

### //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી નં.૧૭૬/૨૦૨૫

અરજદાર :- શ્રી પોપટભાઈ ભીમજીભાઈ ધીનૈયા
રહે. તરકતળાવ, તા.જિ.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. તરકતળાવ, તા.જી.અમરેલી

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના તરકતળાવ ગામમાં અરજદારશ્રી પોપટભાઈ ભીમજીભાઈ ધીનૈયા તેઓના પુત્રી દક્ષાબેન પોપટભાઈ ધીનૈયાની જન્મ (તા.૦૧/૦૬/૧૯૭૯) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૬/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

### મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૬૫/૨૦૨૫ — તા.૨૬/૦૮/૨૦૨૫

શ્રી ધનજીભાઈ સોમાભાઈ પરમાર
રહે. હરીજન વાસ, અંધશાળા રોડ, વિસાવદર, તા. વિસાવદર, જી. જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
ચીફ ઓફીસરશ્રી નગરપાલિકા-વિસાવદર, તા. વિસાવદર ........સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી ધનજીભાઈ સોમાભાઈ પરમાર રહે. હરીજન વાસ, વિસાવદર, તા. વિસાવદર, જી. જુનાગઢએ તેમના દાદા શ્રી જીવણભાઈ હામાભાઈ પરમારનું મરણ તા.૨૭/૦૨/૧૯૯૨ ના રોજ વિસાવદર તાલુકાના વિસાવદર મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા-વિસાવદર, તા. વિસાવદરના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા-વિસાવદર, તા.વિસાવદર ના મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૬ મી ઓગષ્ટ ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

**દશેરાના દિવસની ઉજવણી કરવા માટે મીઠાઈ, ફરસાણની દુકાનોને શણગારવામાં આવી**

# અમરેલીમાં આજે ફાફડા-જલેબી સહિત મીઠાઈ ખરીદવા ગ્રાહકોની ભીડ ઉમટશે

અમરેલી,તા.૦૧

ખાણી-પીણીના શોખીન અમરેલીવાસીઓના સવારના નાસ્તામાં મોટા ભાગે સેવ ખમણ કે ભજીયા અથવા ફાફડા હોય છે પરંતુ આજના દશેરાના દિવસે મોટાભાગના અમરેલીવાસીઓના નાસ્તાની ડીશમાં ફાફડા-જલેબી જોવા મળશે. અમરેલીવાસીઓ સવારથી જ ફાફડા-જલેબી ખરીદવા માટે અધીરા બન્યા હોવાથી ફાફડા અને જલેબીનું વેચાણ કરનારા વેપારીઓને તડાકો થશે. આજે વહેલી સવારથી ફાફડા-જલેબીની લારીઓ, દુકાનો કે ફુટપાથ પર વેચાણ થતું હોય ત્યાં ગ્રાહકોની લાઈન જોવા મળશે. ખાણી-પીણીના શોખીન અમરેલીવાસીઓ દરેક તહેવાર સાથે ખાણી-પીણીને જોડી દેતા હોય છે તેના કારણે અમરેલીમાં ખાણી-પીણીનો ટેસ્ટ સારો હોય તે દુકાનદારને ત્યાં ભીડ જોવા મળે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ દશેરાના દિવસે ફાફડા અને જલેબીના વેચાણમાં ઉછાળો જોવા મળશે. ગ્રાહકોના ઓર્ડરના કારણે અનેક વેપારીઓએ બે દિવસ પહેલાં જ ફાફડા-જલેબીનું વેચાણ શરુ કરી દીધું હતું તેમાં પણ ગઈકાલે તો અનેક દુકાનો એવી હતી કે જ્યાં



ગરબા રમ્યા બાદ લોકો ફાફડા-જલેબીની જયાફત માટે પહોંચી ગયા હતા. અમરેલીમાં ફાફડા અને જલેબીનું વેચાણ કરતી સંખ્યાબંધ દુકાનો પર ગઈકાલ વહેલી સવારથી જ લાઈન જોવા મળી હતી. શહેરમાં ફાફડા-જલેબીનું વેચાણ કરતી દુકાનો સાથે સાથે અનેક લારીઓ પર પણ ફાફડા-જલેબીનું વેચાણ થાય છે. તો કેટલાક સિઝનલ ધંધો કરનારા લોકો પણ દશેરાના દિવસે ફાફડા અને જલેબીના ધંધા પર હાથ અજમાવી લેતા હોય છે. તેના કારણે અનેક નાની દુકાનો કે મીઠાઈનું વેચાણ કરતી ડેરીઓમાં પણ આજે દિવસ દરમિયાન ફાફડા-જલેબીનું ધુમ વેચાણ થશે. આમ તો અમરેલીની અનેક દુકાનો પર રવિવારના રોજ ફાફડા માટે લાઈન લાગતી હોય છે પરંતુ આજે ગુરૂવારના દિવસે દશેરા હોવાથી વેપારીને ડબલ ફાયદો થઈ ગયો છે. વહેલી સવારથી જ હજારો દુકાન પર ગ્રાહકોની લાઈન જોવા મળશે. આજે ફાફડા અને જલેબી માટેનો ખાસ દિવસ છે તેના કારણે કેટલીક દુકાનો પર ફાફડાનો ભાવ સામાન્ય રીતે કિલોના ૪૦૦ રૂપિયા હતો તે ૫૦૦થી ૫૫૦ સુધીનો કરી દેવામાં આવ્યો છે જ્યારે ઘીની જલેબી ૩૦૦ રૂપિયા તો તેલની જલેબીનું ૨૫૦ રૂપિયામાં વેચાણ કરવામાં આવ્યું હતું. આટલો ભાવ હોવા છતાં અમરેલીવાસીઓ દશેરાના દિવસે ફાફડા-જલેબી સહિત મીઠાઈ ખરીદવા માટે રીતસરના પડાપડી કરશે.

# સાવરકુંડલા શહેરમાં આવેલ શ્રી વીરદાદા જસરાજ સેના દ્વારા નવરાત્રિ મહોત્સવ યોજાયો

સાવરકુંડલા, તા.૦૧

સાવરકુંડલા શહેરમાં મહુવા રોડ પર આવેલ લોહાણા બોર્ડિંગે 'શ્રી વીરદાદા જસરાજ સેના આયોજિત પંદરમા રઘુકુળ નવરાત્રિ મહોત્સવની ઉજવણી સંદર્ભે નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા પંદર વર્ષથી સતત યોજાઈ રહેલો આ મહોત્સવ



તસવીર : સૌરભ દોશી

આ વર્ષે પણ માતાજીના ભક્તો માટે આસ્થા અને ઉલ્લાસનું કેન્દ્ર બન્યો છે. આ પવિત્ર પર્વમાં મોટી સંખ્યામાં રઘુવંશી સમાજના લોકો ઉપસ્થિત રહીને માતા આદ્યશક્તિની આરાધના કરતાં જોવા મળ્યા હતા. આ સમગ્ર આયોજનમાં વીરદાદા જસરાજ સેનાના તમામ રઘુવંશી કાર્યકરો આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ખભેખભા મિલાવીને કાર્ય કરતાં જોવા મળ્યા હતા. આ મહોત્સવમાં રઘુવંશી સમાજના દાતાઓ દ્વારા આપવામાં આવતા અનુદાનથી મહોત્સવ યોજાય છે.

# રાજુલા ST ડેપોમાં સ્વચ્છતાનો સંદેશ: કોલેજની વિદ્યાર્થિનીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા જાગૃતિ ફેલાવી

રાજુલા, તા.૦૧

રાજુલા એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી એચ.બી. મહિલા આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ અને જી.એસ.આર. ટી.સી. (ST વિભાગ), રાજુલાના સંયુક્ત ઉપક્રમે આજે 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત એક જાગૃતિલક્ષી સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના એન.એસ.





તસવીર : ગોપાલ રાઠોડ

એસ. (નેશનલ સર્વિસ સ્કીમ) યુનિટ ૧ અને ૨ની સ્વયંસેવક વિદ્યાર્થિનીઓએ એસ.ટી. ડેપો ખાતે ઉત્સાહપૂર્વક આ કાર્યક્રમ રજૂ કર્યો હતો. વિદ્યાર્થિનીઓએ ભજન, સ્પીચ, ગરબા અને માઈમ (મૂક અભિનય) દ્વારા મુસાફરોને સ્વચ્છતા જાળવવા અને પર્યાવરણને સ્વચ્છ રાખવાનો લોક સંદેશો અસરકારક રીતે પહોંચાડ્યો હતો. આ પ્રસંગે રાજુલા ST ડેપોના મેનેજર મમતાબેન જોષીએ મુસાફરોને 'સ્વચ્છતા હી સેવા'નું મહત્વ સમજાવીને વિસ્તૃત માહિતી આપી હતી. આ ઉપરાંત, ડેપો પર હેલ્થ ચેકઅપનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેનો લાભ મુસાફરો અને કર્મચારીઓએ લીધો હતો.

# બાબરાના ધરાઈમાં હવેલી ખાતે કાલે છાક મનોરથ યોજાશે

બાબરા,તા.૦૧

બાબરા તાલુકાના ધરાઈ ગામમાં આશરે ૩૫૦ વર્ષથી બિરાજમાન પુષ્ટિ યાત્રાધામ તરીકે ઓળખાતા નિધિસ્વરૂપ શ્રી બાલમુકુન્દ પ્રભુને આંગણે તા. ૦૧/૧૦/૨૦૨૫ બુધવાર થી તારીખ ૦૨, ૦૩, ૦૪ શનિવાર સુધી મનોરથનું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ તા. ૦૩/૧૦/૨૦૨૫



શુક્રવારે બપોરે ૨:૩૦ કલાકે અતિભવ્ય "છાક મનોરથ" યોજાશે. આ પ્રસંગે ઠાકોરજીને વિવિધ જાતની મીઠાઈ તથા અન્ય પ્રકારની વાનગીઓ ધરવામાં આવશે. હવેલીના મુખ્યાજી વિશ્વજીતભાઈ જોષી, અરુણભાઈ જોષી, રાજભાઈ જોષી, તીર્થભાઈ જોષી અને શ્રી બાલમુકુન્દ હવેલી ટ્રસ્ટ વતી વૈષ્ણવોને મનોરથના દર્શન તથા ઠાકોરજીનો મહાપ્રસાદનો લ્હાવો લેવા હાર્દિક નિમંત્રણ છે, એમ મુખ્યાજી કુલદીપભાઈ જોષીએ યાદીમાં જણાવ્યું હતું.

**'થાય તે કરી લેજે, ધોળા દિવસે રખડું છું' તેમ કહી**

# ચિતલ જકાતનાકા પર મહિલા પોલીસ અધિકારી પર હુમલો: ચાર લોકો સામે ગુનો નોંધાયો

અમરેલી, તા.૦૧

અમરેલી જિલ્લાના ચિતલ આઉટ પોસ્ટના જકાતનાકા પર તા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ સાંજે ૬:૦૦ થી ૮:૦૦ વાગ્યાની વચ્ચે ફરજ પર હાજર મહિલા પોલીસ અધિકારી અને અન્ય પોલીસ કર્મચારીઓ પર હુમલો થયો હતો. વાહન ચેકિંગ દરમિયાન એક કારમાં આવેલા ચાર લોકોએ પોલીસ સાથે ગેરવર્તન કરીને સરકારી ફરજમાં અડચણ ઊભી કરી હતી. પ્રાથમિક માહિતી અનુસાર, ફરજ પરના ફરિયાદી પોલીસ અધિકારી અને સાહેદો જકાતનાકા પર વાહન ચેકિંગ કરી રહ્યા હતા. તે સમયે સિલ્વર કલરની સ્વિફ્ટ VDI કાર (નં. GJ-૦૫-JD-૧૨૩૮) માં એક આરોપી પુરુષ, તેની સાથેની બે અજાણી મહિલાઓ અને એક અજાણ્યો પુરુષ બાબરા તરફથી ચિતલ તરફ આવી રહ્યા હતા.ફરિયાદી મહિલા પોલીસ અધિકારીએ કાયદેસરની ફરજ બજાવતા કારને રોકીને ચેક કરવાનું કહેતા જ મામલો બિચક્યો હતો. મુખ્ય આરોપી, જે ફરિયાદીને અનુસૂચિત જાતિના હોવાનું સારી રીતે જાણતો હતો, તેણે તેમની સાથે અભદ્ર વર્તન શરૂ કર્યું હતું. આરોપીઓએ જાહેરમાં સ્ત્રી મર્યાદાનો ભંગ કરીને પોલીસ કર્મચારીઓ વિરુદ્ધ બીભત્સ ગાળો બોલી હતી અને તેમને અપમાનિત કર્યા હતા. મુખ્ય આરોપી ગૌરાંગ રાજ્યગુરુએ મહિલા અધિકારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જ્યારે તેની સાથે રહેલા અન્ય પુરુષ આરોપીએ પોલીસ કર્મચારીઓને પડકાર ફેંકતા કહ્યું હતું કે, "થાય તે કરી લેજે, ધોળા દિવસે રખડું છું. તમતારે મારી ઘેરે આવજે, તારે ગુનો દાખલ કરવો છેને" તેમ કહી મા-બહેન સામે ગાળો આપી હતી. આ ચારેય આરોપીઓએ એકબીજાને મદદગારી કરીને પોલીસની કાયદેસરની સરકારી ફરજમાં અડચણ ઊભી કરી ગુનો કર્યો હતો. સમગ્ર ઘટના અંગે પોલીસે તમામ ચાર આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અમરેલી એસટી એસસી સેલના નાયબ પોલીસ અધિક્ષક એન.બી. ગોરડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: દશમ
તા.૦૨-૧૦-૨૦૨૫, ગુરૂવાર, સૂર્યોદય-૦૬:૧૪,
સૂર્યાસ્ત-૦૬:૦૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ઉત્તરાષાઢા

## દૈનિક રાશિફળ

તા.૦૨-૧૦-૨૦૨૫ ગુરૂવાર

મેષ: આજનો દિવસ શુભ કાર્યોમાં વિતાવશો. દિવસના પહેલા ભાગમાં ઘરે ધાર્મિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે અને ધાર્મિક સ્થળોની યાત્રા બનશે.

વૃષભ: આજે સ્થિતિ બરાબર રહેશે. કોઈ મોટા અધિકારીના સહયોગથી નોકરીમાં તમારી સ્થિતિ પણ મજબૂત થશે અને આવકમાં વધારો થવાની સંભાવના રહેશે.

મિથુન: આજે સિદ્ધિનો દિવસ છે સમયનો લાભ લો. સત્તાવાર કાગળ કરવામાં વિલંબ ન કરો અન્યથા તે બાકી રહી શકે છે.

કર્ક: સવારથી તમારા માટે થોડો પ્રતિકૂળ સમય ચાલે છે. ઘરમાં સ્ત્રી સભ્યની તબિયત નબળી હોવાને કારણે ઘરના કામમાં પરેશાની થઈ શકે છે.

સિંહ: તમારા માટે આજનો દિવસ સારો રહેશે. બીજાઓને મદદ કરવા આગળ રહેશો. બપોર સુધીમાં નાણાકીય સંકટ પણ સમાપ્ત થઈ જશે.

કન્યા: આજનો દિવસ સારો રહેશે, છતાં ગંભીરતા લાવવી જરૂરી છે, કાર્ય વ્યવસાયમાં જૂની યોજનાઓ નાણાકીય લાભો સાથે સમાજમાં સર્વોપરિતા વધશે.

તુલા: આજે સવારથી તમારું સ્વાસ્થ્ય નરમ થવા લાગશે, તેમ છતાં તમે બેદરકારી દાખવશો, જેના કારણે તમારું સ્વાસ્થ્ય ખરાબ થઈ શકે છે.

વૃશ્ચિક: વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે તૈયાર રહેવું પડશે. વ્યવસાય અથવા વ્યવસાય સાથે સંબંધિત કોઈ કરાર સમજી વિચારીને કરવો.

ધન: આજનો દિવસ તમારા માટે કંઈક અસ્પષ્ટ દિવસ રહેશે. દિવસનો મોટાભાગનો સમય વિચાર કરવામાં વ્યર્થ થઈ શકે છે.

મકર: દિવસના પહેલા ભાગમાં તમારી સામે ઘણું કામ અટકી જશે. આ સમયે તમારા કાર્યસ્થળમાંના બધા કાર્યો સમયસર પૂર્ણ કરવાનો સમય છે.

કુંભ: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. જે વ્યક્તિને તમે સજ્જન માનતા હોવ તે ચીટીંગ કરી શકે છે તેથી સાવધાનીથી વર્તો.

મીન: આજનો દિવસ કંઈક માહિતીપ્રદ રહેશે. પ્રિયજનો તરફથી કોઈ સારા સમાચાર મળશે અને કોઈ ધાર્મિક કાર્યની યોજના બનાવતી વખતે તમારી સલાહ લેવામાં આવશે.

# મોંઘીબા મહિલા કોલેજનાં અધ્યાપક ડો. નિરૂપાબેન ટાંકનું પોલીસ દ્વારા સન્માન

અમરેલી, તા.૦૧

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત અને અમરેલી સ્થિત મોંઘીબા મહિલા આટ્ર્સ કોલેજના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. નિરૂપાબેન ટાંકનું તા.૨૩/૦૯/૨૦૨૫ના રોજ અમરેલી પોલીસ હેડ ક્વાર્ટર ખાતે આયોજિત 'ભાવનગર રેન્જ સેતુ ગરબા



મહોત્સવ-૨૦૨૫'માં પોલીસ મહાનિરીક્ષક ભાવનગર વિભાગ અને પોલીસ અધિક્ષક અમરેલી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. નિઃસ્વાર્થપણે સમાજને ઉપયોગી થવાની ઉદાત્ત ભાવના ધરાવતા તથા વિદ્યાર્થીઓની કારકિર્દીના ઘડતરમાં અમૂલ્ય પ્રદાન કરનાર ડૉ. નિરૂપાબેનની સેવાનિષ્ઠાને ધ્યાને લઈ આ અદકેરું સન્માન કરવામાં આવ્યું હતું.

આ સન્માન બદલ વિદ્યાસભાના ટ્રસ્ટીગણ, કૉલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ.જી.વી. વેલિયત તથા કોલેજ સ્ટાફ પરિવારે ડૉ.નિરૂપાબેન ટાંકને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી છે.

# બાબરાના ગરણી ગામે ઘરમાંથી ૮૩ હજાર રોકડા સહિત ૧.૪૯ લાખની ચોરી

બાબરા, તા.૦૧

બાબરાના ગરણી ગામે ઘરમાંથી ૮૩ હજાર રોકડા સહિત ૧.૪૯ લાખની ચોરી થઈ હતી.

બનાવ સંદર્ભે મૂળ રાજકોટના વિંછીયા તાલુકાના ભડલી ગામના અને હાલ બાબરાના ગરણી ગામે રહેતા અશ્વીનભાઈ પુનેશભાઈ જાદવ (ઉ.વ.૩૫) એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ઘરના મુખ્ય દરવાજા, રૂમ તથા તિજોરીના તાળા તોડી અંદર રાખેલા રોકડા ૮૩,૦૦૦, સોનાનું પેન્ડલ, ચાંદીના દાગીના મળી કુલ ૧,૪૯,૦૦૦ની અજાણ્યા ચોર ઈસમ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બાબરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે.એસ. ડાંગર વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં છેડતી કરવા બદલ યુવતીએ ઠપકો આપતાં જાનથી મારવાની ધમકી આપી

**સિસકારા કરીને ગાળો પણ આપી**

અમરેલી, તા.૦૧

અમરેલી શહેરમાં છેડતી કરવા બદલ યુવતીએ ઠપકો આપતાં તેને ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી.

બનાવ સંદર્ભે યુવતીએ બહારપરામાં રહેતા મેબલો ખાટકી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ તથા સાહેબ મોટરસાયકલ લઈને જતા હતા ત્યારે આરોપીએ તેને સિસકારા કરી ઈશારા કર્યા હતા તેમજ છેડતી કરી હતી. જેથી તેને સમજાવવા જતા આરોપીએ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.બી. સૈયદ વધુ તપાસ કરી રહ્યા છે.

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટસાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.160/2025

**પ્રતિ,**
શ્રી હરીભાઈ જોધાભાઈ બારડ,
રહે. દેવળી-દેદાની, ગામ-દેવળી-દેદાની, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
**વકીલશ્રી, એન.એમ.જાદવ કોડીનાર .....અરજદાર**
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, દેવળી-દેદાની
તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ **...સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના દેવળી-દેદાની ગામના રહીશ હરીભાઈ જોધાભાઈ બારડ તથા અનિતાબેન હરીભાઈ બારડ ના પુત્રી અપેક્ષાબેન હરીભાઈ બારડનો જન્મ તારીખ **03/03/2021** ના રોજ કોડીનાર તાલુકાના દેવળી-દેદાની ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, દેવળી-દેદાની, તાલુકો- કોડીનાર સને.**2021** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૮/૧૦/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૫/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટસાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.56/2025

**પ્રતિ,**
શ્રી અરવિંદભાઈ વજુભાઈ પરમાર,
રહે. ચૌહાણની ખાણ, ગામ-ચૌહાણની ખાણ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
**વકીલશ્રી, એન.એમ.જાદવ કોડીનાર .....અરજદાર**
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ચૌહાણની ખાણ
તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ **...સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ચૌહાણની ખાણ ગામના રહીશ શ્રી અરવિંદભાઈ વજુભાઈ પરમારના પિતા વજુભાઈ ગોવિંદભાઈ પરમારનું મરણ તારીખ **12/01/1993** ના રોજ કોડીનાર તાલુકાના ચૌહાણની ખાણ ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના ચૌહાણની ખાણના સને.**1993** ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૮/૧૦/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૫/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**તંત્રી લેખ**

# ગુજરાતનો દરિયાકિનારો જોખમમાં

દર પૂનમ અમાસની દરિયાની ભરતી સમયે ભાવનગર નજીક આવેલા વિખ્યાત નિષ્કલંક મહાદેવના સમુદ્ર કિનારે જાણે દરિયો આગળ વધતો હોય તેવી રીતે જમીનનું ધોવાણ થતું નજરે પડ્યું છે. આવી જ રીતે ઘોઘાના દરિયા કિનારે આવેલી સદીઓ જૂની પ્રોટેક્શન વોલમાં પણ ગાબડાઓ વધતા જાય છે. આ માત્ર ભાવનગર જિલ્લા પૂરતું જ નથી પરંતુ અમરેલીથી માંડી જામનગરના સમુદ્ર કિનારે પણ આવી જ રીતે જમીનનું ધોવાણ થતું જાય છે તો દહેજ નજીક દરિયો છીછરો બની રહ્યો છે. આજે ખંભાતમાં પણ દરિયો આગળ વધી રહ્યો છે.

ગુજરાત, જેનો દરિયાકિનારો ભારતનો સૌથી લાંબો છે, આજે એક ગંભીર સંકટનો સામનો કરી રહ્યો છે. કેન્દ્રીય જળશક્તિ મંત્રાલયના તાજેતરના અહેવાલે જે ચિત્ર રજૂ કર્યું છે તે ખરેખર ચિંતાજનક છે. અહેવાલ મુજબ, ગુજરાતના દરિયાકાંઠે ૭૬૫ કિલોમીટર જેટલી જમીનનું ધોવાણ થયું છે, અને આ આંકડો રાજ્યના ભૌગોલિક અને ઈકોલોજીકલ સંતુલન માટે લાલબત્તી સમાન છે. ભૂતકાળમાં જ્યાં આ ધોવાણ ૫૩૭ કિલોમીટર નોંધાયું હતું, ત્યાં હવે આટલો મોટો વધારો સ્પષ્ટ સંકેત આપે છે કે આપણે પરિસ્થિતિને હળવાશથી લઈ શકીએ તેમ નથી. જાણે કે દરિયો ધીમે ધીમે ગુજરાતને ગળી રહ્યો હોય, તેવી દહેશત આજે ઊભી થઈ છે.

આ સંકટ માત્ર જમીન ધોવાણ પૂરતું મર્યાદિત નથી, પરંતુ જમીનમાં ખારાશનું વધતું પ્રમાણ પણ એક સમાંતર અને એટલો જ મોટો પડકાર છે. લોકસભામાં રજૂ થયેલા એક રિપોર્ટ મુજબ, એક સમયે સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના ૫૩૪ ગામોમાં ૭,૦૦,૧૨૦ હેક્ટર જમીન ખારાશને કારણે પ્રભાવિત થઈ હતી. આ વિશાળ વિસ્તાર કૃષિ અને પીવાના પાણીના સ્રોતો માટે ગંભીર જોખમ ઊભું કરે છે. જોકે, ખારાશ નિવારણ માટે લેવાયેલા પગલાંને કારણે ૮૭,૮૬૦ હેક્ટર જમીનમાં ખારાશનું પ્રમાણ ઓછું થયું છે, જે રાહતની વાત છે અને યોગ્ય દિશામાં કામ કરવાથી પરિણામ મળી શકે છે તે દર્શાવે છે. પરંતુ વર્તમાન ધોવાણનો આંકડો દર્શાવે છે કે આ લડાઈ હજી ઘણી લાંબી અને કપરી છે.

નેશનલ એસેસમેન્ટ ઓફ શોરલાઈન ચેન્જનો રિપોર્ટ સ્પષ્ટપણે દર્શાવે છે કે ગીર સોમનાથ, દ્વારકા, અમરેલી, પોરબંદર અને જામનગર જેવા જિલ્લાઓના દરિયાકાંઠાના વિસ્તારોમાં જમીનનું ધોવાણ વધુ પ્રમાણમાં થઈ રહ્યું છે. ભાવનગર નજીકના જસપરા, મીઠી, વિરડી, થાલસર અને ગોધા જેવા વિસ્તારો પણ આની ઝપેટમાં છે. સૌથી વધુ ચિંતાજનક તારણ જૂનાગઢ વિસ્તારનું છે, જ્યાં દરિયાકાંઠાની ૬૬ ટકા જમીન ધોવાઈ રહી છે. આ માત્ર આંકડા નથી, આ ગુજરાતના ભવિષ્યનો સંકેત છે. જો આ જ પરિસ્થિતિ ચાલુ રહેશે, તો જાણકારોના મતે, ગુજરાતનો નકશો-ભૂગોળ બદલાઈ જશે તે દિવસો દૂર નથી. આ સ્થિતિ માટે માત્ર કુદરતી પરિબળો જ જવાબદાર નથી. માનવસર્જિત પ્રવૃત્તિઓ પણ આ સંકટને વેગ આપી રહી છે. ઔદ્યોગિક વિકાસની આંધળી દોટમાં દરિયાકાંઠાની જાળવણી જાણે ભૂલાઈ ગઈ છે. વધતું ઔદ્યોગિકીકરણ, ગેરકાયદેસર માઈનિંગ અને વૃક્ષછેદન જેવી પ્રવૃત્તિઓ દરિયાકાંઠાના નાજુક ઈકોસિસ્ટમને નષ્ટ કરી રહી છે. દરિયાઈ દીવાલો અને મેન્ગ્રોવ્સ, જે કુદરતી રીતે જમીનનું ધોવાણ અટકાવે છે, તેનો નાશ માનવીય હસ્તક્ષેપનું જ પરિણામ છે. જ્યારે આપણે વિકાસને પ્રાથમિકતા આપીએ છીએ, ત્યારે પર્યાવરણની જાળવણીને ભૂલી જઈએ છીએ, જેનું પરિણામ આજે આપણી સામે છે.

ગુજરાતના અસ્તિત્વ અને તેની ભાવિ પેઢીના હિતમાં, આ સંકટને ટાળવા માટે તાત્કાલિક અને અસરકારક પગલાં લેવા અનિવાર્ય છે.

# પુષ્પ-૧

## વિચારપૂંજ

સંકલન - હું એક સામાન્ય સ્વયંસેવક
(રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો)



આજે સમગ્ર ભારતમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શતાબ્દી - વર્ષની ઉજવણી થઈ રહી છે. સર્વે લોકોના કલ્યાણ અર્થે પ્રવૃત્ત અને રાષ્ટ્રભાવનાને સંપૂર્ણ સમર્પિત આ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના ઈ.સ. ૧૯૨૫ માં થઈ હતી. આજે વિજયાદશમીના પાવન દિવસે આ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સો વર્ષ પૂર્ણ કરી રહ્યો છે ત્યારે એની શતાબ્દીની ઉજવણી નિમિત્તે હવેથી દર અઠવાડિયે આ કોલમ અંતર્ગત મળતા રહીશું. આ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ વિશે અને મિષે કેટકેટલી વાતો સૌ કોઈએ સાંભળી હશે. અહીં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ વિશે થોડી નક્કર વાત કરવાનો ઉપક્રમ છે.

આ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપનાનો ઈતિહાસ ખૂબ જ રોચક રહ્યો છે. ઈ.સ. ૧૯૨૫ માં ડૉ. કેશવ બલિરામ હેડગેવારજીએ વિજયાદશમીના દિવસે તેમના કેટલાક પસંદગીના મિત્રો સાથે એક બેઠકનું આયોજન કર્યું. ડૉ. હેડગેવારજીએ એ બેઠકમાં કહ્યું કે, "આજે આપણે સંઘ શરૂ કરી રહ્યા છીએ." આ સંઘનું પ્રારંભિક બિંદુ છે અને અહીંથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની શરૂઆત આ રીતે થઈ.


ડૉ. હેડગેવારજીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની શરૂઆત કઈ રીતે કરી એ સમજવું ખૂબ જ આવશ્યક છે. તેઓ ક્રાંતિકારી વિચારધારાવાળા અને રાજકીય ક્ષેત્રમાં સક્રિય હતા. એ સમયે આપણો ભારત દેશ ગુલામ હતો, હિન્દુ સમાજ અનેક જ્ઞાતિઓમાં વહેંચાયેલો હતો, એકતાનો સંપૂર્ણ અભાવ હતો, કેટલાક કહેવાતા બુદ્ધિશાળી લોકો પોતાની સંસ્કૃતિ અને પરંપરાઓને ઉતારી પાડવામાં ખૂબ જ ગર્વ અનુભવતા હતા, હિન્દુ સમાજે સામાજિક એકતાના દ્રષ્ટિકોણથી સાથે રહેવાની જાણે કે માનસિકતા ગુમાવી દીધી હતી, એ સમયે હિન્દુહિતોનો કોઈ વિચાર કરવામાં આવ્યો ન હતો - એવા કપરા સમયે ડૉ. હેડગેવારજીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની શરૂઆત કરી. આ સંઘ શરૂ કરવાનું કારણ સમજાવતા ડૉ. હેડગેવારજી કહે છે કે,"ભલે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની શરૂઆત ૧૯૨૫માં થઈ હતી છતાં તેની ભૂમિકાના સમયગાળાને ઘણો પાછળ લઈ જઈ શકાય છે. કારણ કે ઈ.સ.૧૯૧૪માં હું એક વિદ્યાર્થી હતો ને મેં તે જ વર્ષે મારી ડૉક્ટરેટની પરીક્ષા પાસ કરી. પરંતુ તે પહેલા ઘણા વર્ષોથી કેટલાક વિચારો મને પરેશાન કરી રહ્યા હતા. મને ઈતિહાસ ખૂબ ગમતો હતો. તેથી જ મેં સંઘની કલ્પના કરી. ભારતના ઈતિહાસ પરથી કોઈ પણ સમજી શકે કે - ભારત હિન્દુઓનો દેશ છે. હિન્દુસ્તાનમાં હિન્દુઓ પ્રારંભથી જ માલિક તરીકે રહે છે. એ સિવાયના અન્ય લોકો ક્યારે અને કેવી રીતે આવ્યા ? હાલમાં અન્ય લોકોની સંખ્યા કેટલી છે તેમની સંખ્યા કેવી રીતે વધી ? ભારતની રાજકીય વ્યવસ્થા પહેલા કેવી હતી અને હાલમાં કેવી છે ? - આ બધા પ્રશ્નોના જવાબો આપણે આપણા ઈતિહાસમાંથી જાણી શકીએ છીએ." આ દેશ પર મુસ્લિમોએ હિંદુઓ ઉપર શાસન કર્યું, અંગ્રેજોએ પણ શાસન કરવાનું શરૂ કર્યું આવું કેમ થયું? આ પ્રશ્નનો જવાબ આપતા ડૉ. હેડગેવારજીએ કહ્યું કે, "રાષ્ટ્રવાદની નબળાઈ અને સંગઠનનો અભાવ, અંગ્રેજો પહેલાથી જ આ બે બાબતોથી વાકેફ હતા. તેથી જ એમણે વેપાર છોડી દીધો અને ભારત દેશ પર વિજય મેળવવાનું શરૂ કર્યું." ડૉ. હેડગેવારજીએ સમાજનું સંગઠન અને રાષ્ટ્રવાદનો સ્વીકાર - આ બે મૂળભૂત પાયાના વિચારો માટે સંઘની સ્થાપના કરી હતી અને હિન્દુ સમાજના સંગઠનને સંઘનો આત્મા ગણાવ્યો હતો.

ડૉ. હેડગેવારજીએ સંઘની સ્થાપનાનો ઉદ્દેશ સમજાવતા કહ્યું કે,"રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એ એક એવું સંગઠન છે - જે ફક્ત રાષ્ટ્રની સેવા માટે રચાયેલ છે, જેમાં લોકો સ્વપ્રેરણા અને સ્વૈચ્છિક ઉત્સાહથી રાષ્ટ્રની સેવા કરવાનું કાર્ય સ્વીકારે છે, વિશ્વભરના કોઈપણ રાષ્ટ્રમાં તે રાષ્ટ્રના નાગરિકો તેમના દેશની સેવા કરવા માટે આવી સંસ્થાઓ બનાવે છે. હિન્દુ રાષ્ટ્ર આપણને આપણા જીવ કરતાં પણ વધુ પ્રિય છે, હિન્દુસ્તાન દેશ આપણું કાર્યક્ષેત્ર છે અને તેના હિતોનું રક્ષણ કરવા માટે આજે આ દેશમાં એક સંઘની સ્થાપના કરવામાં આવી છે અને આ સંઘ દ્વારા આપણે રાષ્ટ્રના સર્વાંગી વિકાસને સુનિશ્ચિત કરવાની પ્રતિજ્ઞા લઈએ છીએ."

ડૉ. હેડગેવારજી હિન્દુ સમાજ, સભ્યતા અને ધર્મને હિન્દુ પરંપરાના સતત વહેતા પ્રવાહના ઘટકો માનતા હતા. તેમનું માનવું હતું કે - ભારતીય પરંપરા અને ભારતીય રાષ્ટ્ર એક જ સિક્કાની બે બાજુ છે, પરંપરાના ગર્ભમાંથી રાષ્ટ્રનું નિર્માણ થાય છે, પરંપરાનો પ્રવાહ રાષ્ટ્રની દિશા બતાવે છે. તેમનું માનવું એમ પણ હતું કે, હિન્દુ સંગઠનોની જવાબદારી છે કે તેઓ હિન્દુ સિદ્ધાંતો, સાહિત્ય, સંસ્કૃતિ અને ઈતિહાસની એકતાનો સંદેશ આપીને પરંપરાના આધારે રાષ્ટ્રવાદને કાયમી ગતિશીલ અને મજબૂત પાયો પૂરું પાડે. આપણો સનાતન હિંદુ ધર્મ, આપણી પ્રાચીન સભ્યતા,આપણું સ્વયંસિદ્ધ હિન્દુ રાષ્ટ્ર અને અનાદિકાળથી અસ્તિત્વમાં રહેલો આપણો સૌથી પવિત્ર ભગવો ધ્વજ - આ બધી બાબતો સંઘ દ્વારા સમાજ સમક્ષ વિચારપૂર્વક મુકવામાં આવી છે. તેમણે સંઘના સ્થાપના કાળે જ કહ્યું હતું કે, "પરિસ્થિતિ અનુસાર આ બધા પાસાઓને નવો આકાર આપવા માટે જે પણ નવી પ્રક્રિયાઓની જરૂર પડશે તેને સંઘ સ્વીકારશે." ડૉ. હેડગેવારજી બે બાબતો પર ભાર મુકતા હતા - પ્રથમ હિન્દુ સમાજના સામાજિક અને રાજકીય સ્તરની નબળી સ્થિતિ માટે બાહ્ય કારણો અથવા પરિબળોને દોષ આપવાનો અર્થ સત્યથી દુર જવાનો છે. બીજું તેમનું માનવું હતું કે - કોઈ પણ સમાજ પાસે પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવા માટે આંતરિક શક્તિ અને ઈચ્છા શક્તિ સહજ હોય છે.

જયારે હિન્દુ સમાજમાં રાષ્ટ્રવાદની ભાવના જાગૃત કરવાની જરૂર હતી, આંતરિક મતભેદો અને ક્ષુલ્લક લાગણીઓને કારણે હિન્દુ સમાજ નબળો અને શક્તિહિન બની ગયો હતો એવા સમયે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના થઈ. આથી સંઘનો પહેલો ઉદ્દેશ હિન્દુઓના મનમાં એક સમાજ તરીકેની તેમની ઐતિહાસિક જવાબદારીના આધારે રાષ્ટ્રવાદની ચેતનાને ઊંડાણપૂર્વક રોપવાનો હતો. આ સામાજિક લાગણી મનમાં પહેલાથી જ હાજર હતી પણ તેને જાગૃત કરવાની જરૂર હતી. ડૉ. હેડગેવારજીએ તેમના દૂરંદેશી અને સર્વવ્યાપી વલણથી તેની જરૂરિયાતને ઓળખીને સંઘની સ્થાપના કરી. આ સંઘનું પ્રારંભિક કાર્ય નાગપુર શહેરના દેશભક્ત લોકોને સાથે લઈને શરૂ કરવામાં આવ્યું હતું. આ સંઘની શાખા ઈ.સ. ૧૯૨૬માં શરૂ થઈ હતી. આ સંઘના કાર્યક્રમો અને ઉત્સવોની ઉજવણીઓ થવા લાગી. આ સંઘના સ્થાપનાકાળથી વિજયાદશમી એ સંઘનો એક મહત્વપૂર્ણ ઉત્સવ ગણાય છે. આ ઉત્સવમાં શસ્ત્રપૂજા અને જ્ઞાનપ્રાપ્તિ કરવામાં આવે છે. ડૉ. હેડગેવારજીના માર્ગદર્શન હેઠળ વિજયાદશમીના ઉત્સવ દરમિયાન આપવામાં આવેલા બૌદ્ધિક અભ્યાસને જોતા સંઘ શેના માટે છે ? તેનું અસ્તિત્વ શા માટે છે ? તેનો ઉદ્દેશ શું છે ? અને આપણે સંઘ દ્વારા શું પ્રાપ્ત કરવા માગીએ છીએ ? - તે બધું સ્વયં સ્પષ્ટ થઈ જાય છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની રચના શા માટે થઈ ? તે પ્રશ્નનો જવાબ આપતા ડૉ. હેડગેવારજી કહે છે કે,"હિન્દુસ્તાનનું પરમ વૈભવ એ સંઘનું લક્ષ્ય છે અને સંઘ આ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે કાર્ય કરશે. આ રીતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની વિધિવત સ્થાપના થઈ.

## શબ્દ સંજોગ-૨૦૭૮



**આડી ચાવી :**
(૧) જય.... (૩)
(૩) ....વાગે ચમચમ, વિદ્યા આવે ધમધમ (૨)
(૪) નિકટ, પાસે (૨)
(૬) આંટો, ફેરો (૩)
(૭) ૬૦ મિનિટનો સમય (૩)
(૮) કદરમાં મળતી ભેટ (૩)
(૧૦) ઠગનારું (૨)
(૧૩) ઉનાળામાં કેરીનો......ખાવાની મજા આવે (૨)
(૧૫) એક અટક (૨)
(૧૬) મુંબઈનું એક સ્ટેડિયમ (આ-અ) (૪)
(૧૭) ખરાબ, ગંદુ (૩)
(૧૯) હુલ્લડ, બળવો (૨)
(૨૨) પેટનો ઝૂલતો ભાગ (૨)
(૨૩) સ્વર્ગમાં રહેલુ દિવ્ય સત્વ (૨)
(૨૫) જયાં કૃષ્ણને પગમાં તીર વાગ્યું હતું તે સ્થળ (૩)
(૨૭) સિંહ દર્શન માટે અહીં જાવ (૨)
(૨૯) એક આસન (૪)
(૩૦) અંગ્રેજીમાં દીવાલ બનાવો (૨)

**ઉભી ચાવી :**
(૧) ભલું કરવુ તે (૩)
(૨) એક રત્ન (૩)
(૩) સૌરાષ્ટ્ર (૩)
(૪) ચંદ્ર, મોર (૪)
(૫) સાચુ, ન્યાયી (૨)
(૯) પ્રિયા, ખૂબસુરત સ્ત્રી (૪)
(૧૧) ગણપતિ, લંબોદર (૪)
(૧૨) બકરીનું બચ્ચું (૩)
(૧૪) મજબૂત, ભારે (૩)
(૧૮) વાસણ (૨)
(૧૭) શ્રી કૃષ્ણ (૩)
(૧૯) પ્રાર્થના, ઈબાદત (૩)
(૨૦) ખબર, સમાચાર (૩)
(૨૧) વજન, કદર (૨)
(૨૪) પગથિયા વાળો કૂવો (અ) (૨)
(૨૫) સમજ, અક્કલ (૨)
(૨૬) ઉકાળો, કાઢો (૨)
(૨૮) રેતી (૨)

## શબ્દ સંજોગ-૨૦૭૭ જવાબ

**આડી ચાવી:** (૧) મંગળ (૪) સક્ષમ (૭) દામ (૮) ખૂમચો (૧૦) મઠ (૧૧) કિનખાબ (૧૩) સમતા (૧૪) છેર (૧૬) તરીકે (૧૮) આનન (૨૦) તૂરો (૨૧) ઓ (૨૨) આવક (૨૪) સસાણ(સાસણ) (૨૫) કર્કશા (૨૭) તલવાર (૨૯) વલવલ (૩૦) કે.
**ઉભી ચાવી:** (૧) મંદાકિની (૨) ગમન (૩) વ્યોમ (૫) ક્ષમતા (૬) મઠ (૮) ખૂબ (૯) ચોસર (૧૨) ખાતરી (૧૫) મૌન (૧૬) તરો (૧૭) કેશવ (૧૯) નવસાર (૨૦) તૂતક (૨૨) આશા (૨૩) કતલ (૨૪) સવાલ (૨૬) કર્ત (તર્ક) (૨૮) લવ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૨૩૨ | ૧૫૧૮ |
| ઘઉં લોકવન | ૫૧૯ | ૫૫૫ |
| ઘઉં ટુકડા | ૫૧૫ | ૫૬૭ |
| જુવાર સફેદ | ૫૩૧ | ૮૩૫ |
| બાજરી | ૩૫૦ | ૩૯૦ |
| તુવેર | ૯૫૦ | ૧૨૬૦ |
| ચણા પીળા | ૮૯૦ | ૧૦૮૦ |
| ચણા સફેદ | ૧૦૫૦ | ૧૯૭૫ |
| અડદ | ૮૦૦ | ૧૬૦૦ |
| મગ | ૧૧૪૦ | ૧૭૩૦ |
| વાલ દેશી | ૬૯૦ | ૯૪૦ |
| ચોળી | ૭૪૦ | ૧૩૨૫ |
| વટાણા | ૧૦૦૦ | ૨૩૦૦ |
| રાજમા | ૧૦૪૦ | ૧૬૦૦ |
| સીંગદાણા | ૧૨૯૦ | ૧૩૭૦ |
| મગફળી જાડી | ૭૩૦ | ૧૦૭૦ |
| મગફળી જીણી | ૮૫૦ | ૧૨૪૦ |
| તલી | ૧૪૩૦ | ૧૯૯૦ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૭૯ |
| અજમો | ૫૦૦ | ૧૫૫૧ |
| સુવા | ૮૨૫ | ૧૦૫૧ |
| સોયાબીન | ૭૭૦ | ૮૪૩ |
| સીંગફાડા | ૯૪૦ | ૧૨૮૦ |
| કાળા તલ | ૩૪૩૪ | ૩૯૫૨ |
| લસણ | ૪૦૫ | ૮૭૫ |
| ધાણા | ૧૩૨૫ | ૧૪૭૦ |
| ધાણી | ૧૩૨૦ | ૧૪૮૦ |
| વરીયાળી | ૧૦૧૦ | ૨૦૦૦ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૫૦૦ |
| રાય | ૧૨૪૫ | ૧૬૧૦ |
| મેથી | ૮૧૦ | ૧૨૭૦ |
| કલોંજી | ૪૦૬૯ | ૪૦૬૯ |
| રાયડો | ૧૧૨૦ | ૧૨૪૦ |
| રજકાનું બી | ૬૫૦૦ | ૮૫૦૦ |
| ગુવારનું બી | ૮૦૦ | ૮૭૦ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૨૦૦ | ૧૦૦૦ |
| પપૈયા | ૧૦૦ | ૨૦૦ |
| બટેટા | ૨૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૪૫ | ૨૧૦ |
| ટમેટા | ૧૦૦ | ૫૦૦ |
| સુરણ | ૨૦૦ | ૮૦૦ |
| કોથમરી | ૨૦૦ | ૧૬૦૦ |
| મુળા | ૧૦૦ | ૩૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૨૦૦ |
| ફલાવર | ૨૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૧૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૨૦૦ |
| ચોળાસીંગ | ૨૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૪૦૦ | ૮૦૦ |
| ટીંડોળા | ૨૦૦ | ૭૦૦ |
| દુધી | ૧૦૦ | ૩૦૦ |
| કારેલા | ૧૦૦ | ૪૦૦ |
| સરગવો | ૨૦૦ | ૧૬૦૦ |
| તુરીયા | ૨૦૦ | ૬૦૦ |
| પરવર | ૨૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૧૦૦ | ૪૦૦ |
| કંટોલા | ૪૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૧૦૦ | ૪૦૦ |
| બીટ | ૧૦૦ | ૫૦૦ |
| મેથી | ૪૦૦ | ૧૮૦૦ |
| વાલ | ૨૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૧૦૦ | ૩૦૦ |
| આદુ | ૪૦૦ | ૧૨૦૦ |
| મરચા લીલા | ૧૦૦ | ૫૦૦ |
| હળદર લીલી | ૪૦૦ | ૧૦૦૦ |
| લસણ લીલું | ૬૦૦ | ૧૮૦૦ |
| મગફળી લીલી | ૨૦૦ | ૬૦૦ |
| મકાઇ લીલી | ૧૦૦ | ૩૦૦ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૯૧ | ૧૫૧૬ |
| ઘઉં લોકવન | ૫૧૦ | ૫૭૬ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૯૮ |
| મગફળી જીણી | ૮૧૬ | ૧૨૭૬ |
| સિંગદાણા જાડા | ૧૦૫૧ | ૧૨૯૧ |
| સિંગ ફાડીયા | ૯૦૦ | ૧૩૧૧ |
| એરંડા / એરંડી | ૭૭૬ | ૧૨૫૧ |
| તલ લાલ | ૨૪૦૧ | ૨૪૦૧ |
| જીરૂ | ૨૬૫૧ | ૩૫૯૧ |
| કલંજી | ૧૯૦૧ | ૩૩૦૧ |
| વરીયાળી | ૧૦૭૧ | ૧૦૭૧ |
| ધાણા | ૮૦૧ | ૧૪૯૧ |
| લસણ સુકું | ૪૦૧ | ૮૫૧ |
| ડુંગળી લાલ | ૬૦ | ૨૪૬ |
| અડદ | ૧૦૦૧ | ૧૨૪૧ |
| તુવેર | ૯૫૧ | ૧૨૪૧ |
| મેથી | ૬૬૧ | ૯૮૧ |
| કાંગ | ૨૩૧ | ૪૭૧ |
| મગફળી જાડી | ૬૭૧ | ૧૦૭૧ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૨૦૧૧ |
| તલ - તલી | ૧૦૦૦ | ૨૦૮૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૫૦૧ |
| બાજરો | ૩૦૧ | ૩૯૧ |
| જુવાર | ૫૦૧ | ૮૦૧ |
| મકાઇ | ૪૦૧ | ૪૨૧ |
| મગ | ૧૨૦૧ | ૧૭૮૧ |
| ચણા | ૯૨૬ | ૧૧૧૬ |
| વાલ | ૬૦૧ | ૮૯૧ |
| ચોળા / ચોળી | ૬૫૧ | ૧૦૧૧ |
| સોયાબીન | ૬૫૧ | ૮૫૬ |
| કળથી | ૪૦૦ | ૮૧૧ |
| ગોગળી | ૭૯૧ | ૧૦૦૦ |
| વટાણા | ૧૭૨૧ | ૧૭૨૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૨૦૦ | ૬૪૦ |
| મરચા | ૨૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૪૦૦ |
| કોબી | ૧૦૦ | ૩૬૦ |
| દુધી | ૨૦૦ | ૭૦૦ |
| ફ્લાવર | ૧૬૦ | ૬૦૦ |
| કાકડી | ૨૦૦ | ૭૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૭૦૦ |
| ગલકા | ૨૦૦ | ૭૦૦ |
| ગાજર | ૩૦૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૮૦૦ |
| વાલ | ૪૦૦ | ૧૦૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૧૦૦૦ |
| કેરી કાચી | ૧૬૦૦ | ૧૮૦૦ |
| બટેટા | ૨૪૦ | ૩૩૦ |
| લીલી હળદર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૧ | ૭ |
| કોથમીર પુરા | ૩ | ૮ |
| મૂળા પુરા | ૫ | ૬ |
| કાચા કેળા | ૧૬૦ | ૨૦૦ |
| પચકારુ | ૪૦૦ | ૬૦૦ |
| ચ્રણ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ઘીસોડા | ૩૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૮૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૦ |
| બીટ પુરા | ૮ | ૧૦ |
| સરગવો પુરા | ૨૦ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૧૬૦ | ૫૦૦ |
| વાલોર | ૪૦૦ | ૮૦૦ |
| મગફળી લીલી | ૫૦૦ | ૬૪૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૨૪૦ |
| આદુ | ૬૦૦ | ૧૦૦૦ |
| મકાઈ ડોડા | ૧૬૦ | ૩૦૦ |
| પાલક પુરા | ૧ | ૫ |
| જામફળ | ૨૦૦ | ૭૦૦ |
| દાડમ | ૬૦૦ | ૨૬૦૦ |
| સફરજન | ૮૦૦ | ૨૦૦૦ |
| સીતાફળ | ૨૦૦ | ૧૦૦૦ |
| કેળા | ૪૨૦ | ૫૨૦ |
| સંતરા | ૧૦૦૦ | ૨૨૦૦ |
| કમલમ | ૮૦૦ | ૨૦૦૦ |
| મોસંબી | ૪૦૦ | ૬૦૦ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મોટી | ૬૬૩ | ૯૦૬ |
| શિંગદાણા | ૮૦૧ | ૧૧૩૫ |
| તલ સફેદ | ૧૦૯૨ | ૨૧૩૮ |
| તલ કાળા | ૨૨૦૦ | ૪૦૯૫ |
| તલ કાશ્મીરી | ૨૧૩૦ | ૨૩૯૨ |
| બાજરો | ૩૪૫ | ૩૫૦ |
| જુવાર | ૭૮૦ | ૭૮૦ |
| ઘઉં ટુકડા | ૪૬૮ | ૫૪૦ |
| ઘઉં લોકવન | ૪૮૫ | ૫૫૮ |
| મકાઈ | ૩૦૦ | ૬૬૦ |
| મગ | ૧૦૪૦ | ૧૭૨૫ |
| અડદ | ૧૦૧૦ | ૧૩૬૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૨૪ |
| ચણા સફેદ | ૧૦૦૫ | ૧૦૦૫ |
| તુવેર | ૭૮૦ | ૧૧૪૫ |
| કપાસ | ૭૯૨ | ૧૫૧૧ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૩૦ |
| જીરૂ | ૨૯૦૦ | ૩૩૦૨ |
| રાયડો | ૧૧૮૬ | ૧૧૮૬ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૦૨ |
| સોયાબીન | ૭૫૨ | ૭૮૦ |
| ગીરનાર શીંગ | ૭૩૧ | ૭૩૧ |
| શિંગ મોટી | ૬૦૭ | ૯૩૫ |
| શિંગદાણા ફાડા | ૧૦૦૦ | ૧૧૨૬ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૨૬૦ | ૩૬૦ |
| રીંગણા | ૧૭૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૨૨૦ | ૩૨૦ |
| કોબીજ | ૧૦૦ | ૨૨૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૬૦૦ |
| ટમેટાં | ૩૫૦ | ૫૫૦ |
| સુરણ | ૭૦૦ | ૮૨૦ |
| ગાજર | ૫૮૦ | ૭૨૦ |
| દુધી | ૩૦૦ | ૪૫૦ |
| કારેલા | ૩૨૦ | ૪૪૦ |
| ગલકા | ૨૦૦ | ૪૦૦ |
| મુળા | ૨૦૦ | ૨૮૦ |
| કાકડી | ૨૫૦ | ૪૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૫૨૦ | ૬૪૦ |
| વાલ | ૭૮૦ | ૧૦૦૦ |
| ચોળા લીલા | ૨૦૦ | ૪૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૬૦૦ |
| આમળા | ૭૮૦ | ૧૦૨૦ |
| ભીંડો | ૩૧૦ | ૬૦૦ |
| હળદર લીલી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| આદુ | ૮૨૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૭૦૦ | ૧૬૦૦ |
| મેથીભાજી | ૧૫૫૦ | ૧૯૦૦ |
| ફોદીનો | ૭૫૦ | ૯૦૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૧૦૧૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૩૦૦ |
| મરચાં લીલાં | ૩૦૦ | ૮૫૦ |
| મરચાં લાલ | ૧૦૦ | ૩૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૦૦ |
| લસણ લીલું | ૧૧૮૦ | ૧૪૪૦ |
| લસણ સુકું | ૬૨૦ | ૧૮૦૦ |
| પાલક | ૬૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૩૦૦ | ૪૬૦ |
| ચીભડા | ૪૨૦ | ૬૦૦ |

**ધારી**

| | | |
|---|---|---|
| કપાસ એ | ૧૨૧૫ | ૧૨૭૫ |
| કપાસ કોડી | ૮૦૧ | ૧૧૭૦ |
| મગફળી | ૫૫૦ | ૮૧૧ |
| ચણા | ૧૦૫૦ | ૧૦૫૦ |
| સફેદ તલ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| અડદ | ૧૦૨૦ | ૧૦૨૦ |
| બાજરો | ૩૦૦ | ૩૦૦ |
| મેથી | ૮૭૦ | ૮૭૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૦૦ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ નવો | ૧૦૬૨ | ૧૩૨૫ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ શંકર નવો | ૧૨૦૦ | ૧૪૫૦ |
| માડીયમ | ૯૫૦ | ૧૨૫૦ |
| તલ સફેદ | ૧૫૩૦ | ૧૮૫૦ |
| તલ કાળા | ૨૬૧૦ | ૩૮૫૦ |
| જીરૂ | ૨૯૮૦ | ૩૪૦૦ |
| ઘઉં | ૪૬૩ | ૫૧૭ |
| અડદ | ૮૯૦ | ૧૨૨૦ |
| મગ | ૧૨૫૫ | ૧૪૩૫ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૫૬૫ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૨૦ |
| એરંડી | ૯૮૦ | ૧૦૦૦ |
| ચણા | ૮૩૫ | ૧૦૨૫ |
| વાલ | ૫૯૫ | ૬૦૫ |
| મગ | ૧૨૭૦ | ૧૨૭૨ |
| અડદ | ૯૦૦ | ૧૦૫૦ |
| સોયાબીન | ૭૯૦ | ૭૯૬ |
| તલ સફેદ | ૧૪૦૫ | ૧૭૯૫ |
| ધાણા | ૮૭૦ | ૧૩૩૫ |
| તલ કાળા | ૩૮૦૦ | ૩૮૫૦ |
| મગફળી | ૫૦૧ | ૯૦૪ |
| શીંગ દાણા | ૭૦૫ | ૯૩૫ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૬૦૦ | ૮૨૧ |
| શીંગ મોટી | ૭૦૦ | ૯૨૫ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૧૯૦૦ |
| તલ કાળા | ૩૩૦૦ | ૩૯૧૮ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૩૦૦ |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૭૫ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૫૮૭ |
| બાજરો | ૩૨૫ | ૩૯૬ |
| જુવાર | --- | ૭૭૫ |
| અડદ | ૧૦૦૦ | ૧૦૧૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૬૫ |
| ધાણા | ૯૩૨ | --- |
| સોયાબીન | ૭૨૧ | --- |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૯૦૧ | ૧૫૫૧ |
| ઘઉં | ૪૦૦ | ૫૩૫ |
| ચણા | ૮૦૧ | ૧૦૪૧ |
| અડદ | ૬૦૧ | ૧૧૨૬ |
| મગફળી | ૫૫૧ | ૮૪૬ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૧૮૪૬ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૫૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૧૧ |
| મેથી | ૫૦૦ | ૮૫૧ |
| શિંગફાડા | ૧૦૦૦ | ૧૧૦૧ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ ૬૬ | ૮૧૧ | ૧૦૭૧ |
| શીંગ ૩૯ | ૬૫૨ | ૧૦૩૬ |
| શીંગ ૩૨ | ૬૫૨ | ૮૬૮ |
| શીંગ જી-૨૦ | ૭૦૦ | ૯૬૪ |
| જુવાર | ૩૦૧ | ૭૭૬ |
| બાજરી | ૨૫૦ | ૬૩૭ |
| ઘઉં ટુકડા | ૫૦૮ | ૬૧૨ |
| અડદ | ૯૦૦ | ૧૪૪૨ |
| અજમા | ૧૩૪૫ | ૧૬૫૦ |
| સોયાબીન | ૭૬૨ | ૭૬૨ |
| ચણા | ૪૩૦ | ૧૯૬૨ |
| તલ સફેદ | ૧૩૯૬ | ૧૮૧૫ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૦૦૦ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૪૦૦ |
| ડુંગળી લાલ | ૧૦૫ | ૨૫૭ |
| ડુંગળી સફેદ | ૧૨૧ | ૨૮૫ |
| કપાસ શંકર | ૫૮૦ | ૧૨૧૨ |
| નાળીયેર | ૨૩૦૦ | ૩૨૬૭ |

**જામનગર**

| | | |
|---|---|---|
| બાજરો | ૨૦૦ | ૩૭૫ |
| ઘઉં | ૪૮૦ | ૫૧૯ |
| અડદ | ૧૦૯૫ | ૧૨૦૫ |
| તુવેર | ૭૦૦ | ૧૧૨૫ |
| વાલ | ૫૦૦ | ૭૫૦ |
| ચણા | ૮૫૦ | ૧૦૦૦ |
| ચણા સફેદ | ૧૦૩૦ | ૧૫૧૬ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૧૯૦ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૦૫૦ |
| તલ | ૧૦૦૦ | ૧૯૦૦ |
| તલ કાળા | ૧૬૦૦ | ૨૦૦૦ |
| રાઈ | ૧૦૫૦ | ૧૫૧૬ |
| લસણ | ૪૫૦ | ૭૫૦ |
| કપાસ | ૯૦૦ | ૧૪૧૫ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૫૦૫ |
| અજમો | ૧૪૧૫ | ૩૪૦૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૪૦૦ |
| ડુંગળી | ૫૦ | ૧૫૦ |
| સોયાબીન | ૭૨૫ | ૮૨૫ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801


## ગાંધીનગરમાં મહિલા પોલીસ કોન્સ્ટેબલની હત્યાનો ભેદ ઉકેલાયો

# અમરેલીના પરિણીત યુવકે ગળે ટૂંપો દઈ હત્યા કરી હોવાનો ખુલાસો

**મૃતક મહિલા કોન્સ્ટેબલે લગ્ન કરવા માટે દબાણ કરતા ઉગ્ર ઝઘડો થયો હતો**

ગાંધીનગર,તા.૦૧

ગાંધીનગરના સેક્ટર-૨૪ના મંડળ સ્ટાફ ક્વાર્ટરમાંથી અમદાવાદના શાહીબાગ હેડ ક્વાર્ટરમાં ફરજ બજાવતી મહિલા કોન્સ્ટેબલનો નિર્વસ્ત્ર હાલતમાં મૃતદેહ મળ્યો હતો. આ કેસમાં પોલીસે મોહન નાગજીભાઈ પારધી નામના આરોપીની ધરપકડ કરી છે. મૃતક અને આરોપી લાંબા સમયથી પ્રેમસંબંધમાં હતા. મહિલા કોન્સ્ટેબલ ઘરે એકલી હોવાથી આરોપી અમરેલીથી પહેલા અમદાવાદ અને બાદમાં



ગાંધીનગર આવ્યો હતો. જ્યાં બંને રુમમાં એકાંતની પળો માણી રહ્યા હતા તે દરમિયાન મહિલા કોન્સ્ટેબલે લગ્ન કરવા માટે દબાણ કર્યુ હતું. પરંતુ મોહન પરિણીત હોવાથી તેણે લગ્ન કરવાની ના પાડી દીધી હતી. આ મુદ્દે બંને વચ્ચે ઉગ્ર ઝઘડો થયો હતો. જેથી મોહને ઘરમાં પડેલા કપડા વડે શ્વાસ રૂંધાઈ જાય તે રીતે મહિલા કોન્સ્ટેબલના મોઢા પર કપડુ દબાવી દીધું હતું. હત્યા પછી મોહન ત્યાંથી દરવાજાને બહારથી બંધ કરી એસ.ટી. બસ મારફતે અમરેલી જતો રહ્યો હતો. આ અંગે જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટીએ જણાવ્યું કે, આ ઘટનાના પગલે એલસીબી પીઆઈ ડી.બી. વાળા, એચ.પી. પરમાર, જે.જે. ગઢવીની આગેવાનીમાં અલગ અલગ ટીમોને એક્ટિવ કરવામાં આવી હતી. ટેકનિકલ એનાલિસિસથી સસ્પેક્ટ તરીકે મોહન નાગજીભાઈ પારધી (ઉ.વ.૩૩ રહે, બુધ્ધ વિહાર શેરી, આંબેડકર શેરીની બાજુમાં, ચિત્તલ રોડ, અમરેલી) આઈડેન્ટીફાય થયો હતો. જેને ટ્રેક કરતાં મોહન પારધી અમરેલી હોવાનું માલૂમ પડતાં એલસીબીની એક ટીમને ત્યાં રવાના કરાઈ હતી અને અમરેલી એલસીબીની મદદથી આરોપીને ઉઠાવી લેવાયો હતો.

### મૃતક કોન્સ્ટેબલ અને આરોપી અમરેલીમાં સાથે કોલેજ કરતા હતા

મોહનની કડકાઈથી પૂછપરછ કરતા તેણે કબૂલાત કરી કે, વર્ષ ૨૦૧૧/૧૨માં મહિલા કોન્સ્ટેબલ સાથે અમરેલીમાં કોલેજ કરતો હતો. ધીમે ધીમે પરિચય ગાઢ પ્રેમમાં પરિણમ્યો હતો. એ વખતે મોહને મહિલાને લગ્નનું વચન આપ્યું હતું. આ દરમિયાન મહિલા કોન્સ્ટેબલે લગ્ન કરવા માટે દબાણ કર્યું હતું. પરંતુ મોહન પરિણીત હોવાથી તેણે લગ્ન કરવાની ના પાડી દીધી હતી. આ મુદ્દે બંને વચ્ચે ઉગ્ર ઝઘડો થયો હતો. જેથી મોહને ઘરમાં પડેલા કપડા વડે શ્વાસ રૂંધાઈ જાય તે રીતે મહિલા કોન્સ્ટેબલના મોઢા પર કપડુ દબાવી દીધું હતું. મહિલા કોન્સ્ટેબલ બચવા માટે તરફડિયા મારતી રહી હતી. હત્યા પછી મોહન ત્યાંથી દરવાજાને બહારથી બંધ કરી એસ.ટી. બસ મારફતે અમરેલી જતો રહ્યો હતો. આરોપી સિરામિક કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરે છે. જેની હત્યાના ગુનામાં ધરપકડ કરી લેવાઈ છે. બનાવની રાતે બન્ને વચ્ચે શારીરિક સંબંધ બંધાયા હતા કે નહીં એ પોસ્ટમોર્ટમ રિપોર્ટ પછી ખબર પડશે. હાલમાં તો આરોપીની ધરપકડ કરી રિમાન્ડની તજવીજ હાથ ધરાઈ છે. જે પછી ઘટનાનું રિ-કન્સ્ટ્રશન પણ કરવામાં આવશે.

### આરોપી અમરેલીથી અમદાવાદ થઈ ગાંધીનગર પહોંચ્યો

મૃતક મહિલા કોન્સ્ટેમ્બલના ઘરે કોઈ હાજર ન હોવાથી બન્ને વચ્ચે સ્નેપચેટ મારફતે વાત થઈ હતી અને નક્કી થયા મુજબ મોહન પારધી બપોરના આશરે એકાદ વાગ્યે એસ.ટી. બસ મારફતે અમરેલીથી અમદાવાદ ખાતે જવા નીકળ્યો હતો અને અમદાવાદથી રાત્રિના આશરે નવેક વાગ્યે પ્રાઈવેટ વાહનમાં ગાંધીનગર ગયો હતો. બાદમાં બંનેએ રુમમાં એકાંતની પળો માણી હતી. ત્યારબાદ મહિલા કોન્સ્ટેબલની હત્યા કરવામાં આવી હતી.

# ખોડલધામ નવરાત્રિ મહોત્સવમાં 'દેશભક્તિ'નો માહોલ

**રાજકોટ શહેરના પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા ખાસ ઉપસ્થિત રહ્યા**

રાજકોટ,તા.૦૧

ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા ગુજરાતભરમાં ૩૦થી વધુ સ્થળોએ આયોજિત ખોડલધામ નવરાત્રિ મહોત્સવમાં દરરોજ અવનવી થીમ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. ૨૯ સપ્ટેમ્બરના રોજ રાજકોટ શહેરના ચારેય ઝોનમાં આયોજિત મહોત્સવમાં ધીમી ધારે વરસતા વરસાદમાં પણ હજારો ખેલૈયાઓએ ઉત્સાહભેર ગરબે રમીને મા ખોડલના આશીર્વાદ મેળવ્યા હતા. ખોડલધામ નવરાત્રિ મહોત્સવના વેસ્ટ ઝોનમાં આ વખતે દેશભક્તિની થીમ પર ઉજવણી કરવામાં આવી હતી. ખેલૈયાઓએ હાથમાં તિરંગો લઈને દેશભક્તિના ગીતો પર




ગરબે રમીને મા ખોડલની ભક્તિ સાથે રાષ્ટ્રભક્તિના દર્શન કરાવ્યા હતા. આ પ્રસંગે રાજકોટ શહેરના પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા પણ ઉપસ્થિત રહ્યા હતા અને ખેલૈયાઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ ઉપરાંત, ઈસ્ટ ઝોનમાં ખેલૈયાઓ લાઈટિંગ દાંડિયા સાથે ગરબે રમ્યા હતા, જ્યારે નોર્થ અને સાઉથ ઝોનમાં પણ હજારોની મેદનીમાં ગરબાની રમઝટ બોલી હતી. આસો સુદ-આઠમના પાવન દિવસે રાજકોટ શહેરના ચારેય ઝોનમાં આયોજિત ખોડલધામ નવરાત્રિ મહોત્સવમાં આઠમની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મા ખોડલની વાજતે-ગાજતે પધરામણી કરવામાં આવી અને ખેલૈયાઓએ રાસ-ગરબાથી માતાજીની આરાધના કરી હતી.


# રાજ્ય એસ.ટી. વિભાગ દ્વારા સુરતમાં ૪૦ નવી બસનો પ્રારંભ કરાયો

સુરત,તા.૦૧

ગુજરાત એસટી વિભાગ દ્વારા સુરતમાં ૪૦ નવી બસનો પ્રારંભ કરવામાં આવ્યો છે. વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ આ બસોને લીલી ઝંડી આપી હતી. આ ૪૦ બસમાં ૫ નવી વોલ્વોનો પણ સમાવેશ થાય છે. આ વોલ્વોમાં સુવિધા હાલની વોલ્વો બસ જેવી જ છે, જોકે ભાડું તેના કરતા ૨૫% ઓછું છે. જેથી મુસાફરોને રાહત થશે. હાલની વોલ્વોનું ભાડું પ્રતિ



કિ.મી. ૨.૫૦ રૂપિયા છે, જે નવી વોલ્વોમાં રૂ.૧.૫૦ છે. આ પ્રસંગે હર્ષ સંઘવીએ જણાવ્યું કે, એક વર્ષમાં ૨૦૦૦થી વધુ બસ મુકવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આવનારા દસ દિવસમાં એટલે કે દિવાળીના તહેવાર પહેલાં નાગરિકો માટે બીજી નવી બસો ચાલુ કરવાનો ST વિભાગનો ટાર્ગેટ છે.

દારૂથી આત્માનો નાશ થાય છે. દારૂની લતથી ગાંડપણ, વ્યાભિચાર, જુગાર વગેરે જેવી બદીઓનો શિકાર બનાય છે. જો આપણે કોઈને દારૂની ખરાબ લત છોડાવીએ તો તેને જેલમાંથી મુક્ત કરાવ્યા જેવું છે. માણસને દારૂની બિલકુલ જરૂર નથી. એ જગજાહેર છે. દારૂડિયો સંયમ ન રાખી શકે તેનાથી કોણ અજાણ છે? તેથી, મને આશા છે કે વિવેકથી, જોર-જુલમ કર્યા વિના, સમજપૂર્વક 'દારૂનું વ્યસન છોડાવવાનો પ્રયત્ન દરેક વ્યક્તિ કરે.'

-મહાત્મા ગાંધી

**નિયામક, નશાબંધી અને આબકારી, ગુજરાત રાજ્ય**

તા. ૦૨-૧૦-૨૦૨૫ થી તા. ૦૮-૧૦-૨૦૨૫ સુધી નશાબંધી સપ્તાહની ઉજવણી કરે છે.

સત્યમેવ જયતે ગુજરાત સરકાર | હર ઘર સ્વદેશી ઘર ઘર સ્વદેશી

**સંદેશો**

सत्यमेव जयते

मुझे यह जानकर खुशी हो रही है कि गुजरात सरकार द्वारा इस वर्ष गाँधी जयंती, **२ अक्टूबर से "मद्य निषेध सप्ताह"** मनाया जा रहा है।

गुजरात की मद्य निषेध नीति महात्मा गांधी के आदर्शों और सिद्धांतो पर आधारित है। समाज को नशा-मुक्त और स्वस्थ बनाने की यह प्रतिबद्धता हमारे संविधान द्वारा निर्देशित मादक पेयों के उपयोग का प्रतिषेध करने के प्रावधान में भी स्पष्ट रुप से उल्लेखित है। यह **"मद्य निषेध सप्ताह"** हमारे समाज में नशा-मुक्ति, आत्मसंयम और सामाजिक उत्तरदायित्व के महत्व को रेखांकित करने का एक महत्वपूर्ण अवसर है, जो हमें एक स्वस्थ और समृद्ध समाज की दिशा में आगे बढने के लिए प्रेरित करेगा। मैं सभी नागरिकों, विशेषकर युवाओं से आग्रह करती हूं कि वे हमेशा नशे से दूर रहें और दूसरों को भी इसके लिए प्रेरित करें, ताकि हम एक स्वास्थ्य-युक्त और नशा- मुक्त समाज का निर्माण कर सकें।

मैं गुजरात सरकार और इस अभियान से जुडे सभी लोगों को साधुवाद देती हूं तथा **"मद्य निषेध सप्ताह"** के लक्ष्यों को प्राप्त करने में सफलता की कामना करती हूं।

**श्रीमती द्रौपदी मुर्मु**
**राष्ट्रपति, भारत**

सत्यमेव जयते

ગુજરાત સરકાર દ્વારા **૦૨-૦૮ ઓક્ટોબર, ૨૦૨૫ દરમિયાન 'નશાબંધી સપ્તાહ'** મનાવાઇ રહ્યું છે તે સ્તુત્ય પગલું છે.

મહાત્મા ગાંધીના સિદ્ધાંતોને સમર્પિત ગુજરાત રાજ્ય આરંભથી જ સંપૂર્ણ નશાબંધીની નીતિ પર ચાલતું આવ્યું છે. ગુજરાતી પ્રજાની સુખાકારી, સામાજિક સુરક્ષા અને આર્થિક સમૃદ્ધિના ફળદાયી પરિણામ પાછળ નશાબંધી એક મોટું પરિબળ છે.

ગુજરાત સરકાર દ્વારા આરંભાયેલી **નશાબંધી ઝુંબેશ** વધુ અસરકારક નીવડે એવી શુભકામના.

**નરેન્દ્રભાઈ મોદી**
**વડાપ્રધાનશ્રી, ભારત**

सत्यमेव जयते

મહાત્મા ગાંધીજીના આદર્શોથી પ્રેરિત નશાબંધીની નીતિ ગુજરાત રાજ્યની સામાજિક અને નૈતિક પરંપરાનું પ્રતિબિંબ છે. આ માત્ર કાયદાકીય વ્યવસ્થા નથી, પરંતુ નાગરિકોના સુખ-સમૃદ્ધિ, આરોગ્યનું રક્ષણ અને સમાજના નબળા વર્ગોના કલ્યાણ માટેની નૈતિક પ્રતિબદ્ધતા છે.

**૨ થી ૮ ઓક્ટોબર, ૨૦૨૫ દરમિયાન ઉજવવામાં આવનાર નશાબંધી સપ્તાહ ગાંધીજીના મૂલ્યોને યાદ કરવાની વધુ એક સુંદર તક છે.** આ અભિયાનને સફળ બનાવવા માટે નાગરિકોની સહભાગિતા અને જનજાગૃતિ અત્યંત આવશ્યક છે.

આ અવસરે **હું ગુજરાત સરકાર અને રાજ્યના તમામ નાગરિકોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.** આ અભિયાનથી સમાજમાં વધુ સ્વસ્થ, સુમેળસભર અને મૂલ્ય આધારિત જીવન માટે સૌને પ્રેરણા મળે તેવી મારી શુભકામનાઓ.

**આચાર્ય દેવવ્રત**
**રાજ્યપાલશ્રી, ગુજરાત રાજ્ય**

सत्यमेव जयते

સમાજમાં એક નજર કરીએ તો જોઈ શકાય છે કે સ્વ-પ્રસન્નતા માટે શરૂ કરવામાં આવેલું વ્યસન અનેક વિપરિત પરિણામોનું કારક બની રહે છે. ઘણા લોકો વ્યસનને વ્યક્તિગત નબળાઈની સમસ્યા માને છે. પૂરતી ઇચ્છાશકિતના અભાવને કારણે વ્યસન પર નિયંત્રણ લાવવું કઠિન બને છે. વ્યસનનો અતિરેક વ્યકિતના માનસ, વ્યવહારિક જીવન અને સંબંધો પર ગંભીર અસર પહોંચાડી શકે છે. **રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ ભારત ભ્રમણ કર્યું તે સમયે તેમણે પ્રજાની વ્યથાને અનુભવી અને દેશના નાગરિકો સ્વચ્છતા, સાદગી અને નશામુક્તિના માર્ગ તરફ વળે એ માટે હાકલ પણ કરી હતી. નાગરિકો સ્વચ્છતા જાળવે અને સાથે સાથે વ્યસનથી પણ દૂર રહે તેનો આગ્રહ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ હંમેશાં રાખતા આવ્યા છે.**

ગુજરાતની સ્થાપનાથી જ રાજ્યમાં નશાબંધી-દારૂબંધીનો કડક અમલ અસ્તિત્વમાં છે. ગાંધીજીનું ગુજરાત નશા-દારૂની બદીથી મુક્ત રહે એવા પ્રયાસો અને કાયદાકીય અમલ કરાય તે આવકાર્ય છે. **નશાબંધી અને આબકારી ખાતા દ્વારા મહાત્મા ગાંધીના જન્મદિન તા. ૨ ઓક્ટોબરથી તા. ૮ ઓક્ટોબર સુધી "નશાબંધી સપ્તાહ"ની ઉજવણી કરવામાં આવી રહી છે,** તેનું આયોજન અભિનંદનીય છે. ગુજરાતમાં નશામુક્ત અને તંદુરસ્ત સમાજના નિર્માણ સાથે વિકાસની વાટને વધુ બળવત્તર બનાવવા સરકાર અને સામાજિક સંસ્થાઓના પ્રયાસોને બહોળી સફળતા મળે એવી શુભકામના સાથે કાર્યક્રમમાં સહભાગી સર્વે હિતધારકોને અભિનંદન.

**ભૂપેન્દ્રભાઈ પટેલ**
**મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય**

सत्यमेव जयते

વ્યસન એ સમાજ માટે એક એવી ગંભીર સમસ્યા છે, જે દેશના યુવાધન અને પરિવારોને ખૂબ મોટું નુકસાન પહોંચાડે છે. આ પડકારને પહોંચી વળવા માટે, **નશાબંધી અને આબકારી વિભાગ દ્વારા દર વર્ષે યોજાતો નશાબંધી સપ્તાહ એક અત્યંત પ્રેરણાદાયક અને મહત્વપૂર્ણ પહેલ છે.**

મને એ જાણીને ખૂબ જ આનંદ થયો છે કે નશાબંધી સપ્તાહ દરમિયાન આપના વિભાગે સમાજમાં નશાબંધી પ્રત્યે જાગૃતિ લાવવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કર્યું છે. ખાસ કરીને, **"નશામુક્ત ભારત અભિયાન"** અંતર્ગત કરવામાં આવેલા પ્રયાસો પ્રશંસનીય છે. આ પ્રકારના કાર્યક્રમોથી સમાજમાં સકારાત્મક પરિવર્તન આવશે અને યુવાનો વ્યસનમુક્તિ માટે પ્રેરિત થશે.

હું આશા રાખું છું કે આપના વિભાગના નિષ્ઠાવાન પ્રયાસોથી આપણે સૌ એક સ્વસ્થ, તંદુરસ્ત અને વ્યસનમુક્ત સમાજનું નિર્માણ કરી શકીશું.

આપની સમગ્ર ટીમની મહેનત અને સમર્પણ બદલ હું હૃદયપૂર્વક આભાર વ્યકત કરું છું અને ભવિષ્યના આવા તમામ પ્રયાસો માટે મારી શુભેચ્છાઓ પાઠવું છું.

**હર્ષભાઈ સંઘવી**
**રાજ્યકક્ષાના ગૃહમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય**

# દિલીપભાઈ સંઘાણીની ઉપસ્થિતિમાં આંબરડી ગામે ત્રિવિધ સહકારી કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા,તા.૦૧



સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામે સહકાર ક્ષેત્રના રાષ્ટ્રીય આગેવાન અને IFFCO, NCUI, ગુજકોમાસોલના ચેરમેન દિલીપભાઈ સંઘાણીની ઉપસ્થિતિમાં ત્રિવિધ સહકારી કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આંબરડી સેવા સહકારી મંડળી અને સાવરકુંડલા ખેડૂત ઉત્પાદક અને રૂપાંતર સહકારી મંડળી લી. (FPO) ની વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી, તેમજ અમર ડેરી અમરેલીના બિનહરીફ ચૂંટાયેલા ચેરમેન અશ્વિનભાઈ સાવલિયાનું અભિવાદન કરવામાં આવ્યું હતું. અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયાએ દિલીપભાઈ સંઘાણીને 'સૌરાષ્ટ્રની શ્વેતક્રાંતિના જનક' અને 'સહકારીતાના પારસમણિ' ગણાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, દિલીપભાઈના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા બેંકનું ટર્નઓવર રૂ.૪૫ કરોડથી વધીને રૂ.૪,૫૦૦ કરોડે પહોંચ્યું છે.

## ખેડૂતો માટે રૂ.૫ લાખના વીમાની જાહેરાત

દિલીપભાઈ સંઘાણીએ પોતાના પ્રવચનમાં 'સહકારથી સમૃદ્ધિ'ના સંકલ્પ પર ભાર મૂક્યો હતો. આ તકે તેમણે ખેડૂતોના હિતમાં ઐતિહાસિક નિર્ણયની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક તરફથી ખેડૂતોને ચૂકવાતી આકસ્મિક વીમાની રકમ રૂપિયા ૩ લાખથી વધારીને રૂપિયા ૫ લાખ કરવામાં આવશે. આ ઉપરાંત, તેમણે કેન્દ્ર સરકાર દ્વારા સ્થાપિત ત્રણ નવી સહકારી મંડળીઓ વિશે માહિતી આપી 'આત્મનિર્ભર ભારત'ના નિર્માણ માટે હાકલ કરી હતી. ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ ખેત તલાવડી યોજનાનો લાભ લેવા માટે ખેડૂતોને અપીલ કરી હતી. કાર્યક્રમમાં વડીલ સભાસદોનું 'વડીલ વંદના' હેઠળ સન્માન કરાયું હતું. આ પ્રસંગે પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા સહિત જિલ્લાના તમામ સહકારી અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# આટકોટથી રાજકોટનો હાઈવે રોડ અતિ બિસ્માર હોવાથી વાહનચાલકોમાં રોષ

બાબરા,તા.૦૧



બાબરાથી આટકોટ અને રાજકોટ સુધીનો ૯૦ કિ.મી.નો રોડ ખૂબ જ ખરાબ હાલતમાં છે. રોડ ઉપર મોટા ખાડા પડી ગયા હોવાથી વાહનચાલકો ભારે હાલાકી ભોગવવી રહ્યા છે. આ રોડ પર બે બે ફુટના ખાડા પડી ગયા છે, દવાખાનામાં ઈમરજન્સી કેસ સમયે દર્દીઓની હાલત ઉપર ખતરો રહે છે. રોડ ઉપર ખાડાઓમાં પાણી ભરાઈ ગયેલા છે. વારંવાર રજૂઆતો છતાં પણ તંત્ર તેને ધ્યાનમાં લેતું નથી. રસ્તાઓ બાબતે રાજ્યનું ટ્રાન્સપોર્ટ એસોસિએશન પણ સરકારથી નારાજ છે. આ રોડની તાત્કાલિક મરામત કરવામાં આવે તેવી માગ થઈ છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આરએસએસની ૧૦૦મી વર્ષગાંઠ નિમિત્તે એક ખાસ ટપાલ ટિકિટ અને સ્મારક સિક્કો બહાર પાડ્યો


(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ૧૦૦મી વર્ષગાંઠ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખાસ ડિઝાઈન કરાયેલ ટપાલ ટિકિટ અને ૧૦૦ રૂપિયાનો સ્મારક સિક્કો બહાર પાડ્યો. આ કાર્યક્રમ દિલ્હીના ડૉ. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર ખાતે આરએસએસ શતાબ્દી ઉજવણી દરમિયાન યોજાયો હતો. ૧૯૨૫માં નાગપુરમાં કેશવ બલિરામ હેડગેવાર દ્વારા સ્થાપિત આરએસએસ, તેના સ્વયંસેવક-આધારિત સામાજિક અને સેવાકાર્ય માટે જાણીતું છે. આ સંસ્થાએ શિક્ષણ, આરોગ્ય, આપત્તિ રાહત અને સામાજિક સેવામાં અસંખ્ય યોગદાન આપ્યું છે. સ્મારક સ્ટેમ્પ અને સિક્કો આ યોગદાનનું પ્રતીક છે. સ્મારક ટપાલ ટિકિટનું પણ પોતાનું મહત્વ છે. આપણે બધા ૨૬ જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિવસની પરેડનું મહત્વ જાણીએ છીએ. ૧૯૬૩માં, આરએસએસ સ્વયંસેવકોએ પણ ૨૬ જાન્યુઆરીએ રાષ્ટ્રીય પરેડમાં ભાગ લીધો હતો. તેઓએ ગર્વ અને દેશભક્તિ સાથે કૂચ કરી હતી. આ સ્ટેમ્પ તે ઐતિહાસિક ક્ષણને યાદ કરે છે.

# રશિયાએ કિવ પર ૫૦૦ ડ્રોન અને ૪૦ થી વધુ મિસાઈલોથી હુમલો કર્યો : ૪ લોકોના મોત

(એચ.એસ.એલ),કિવ,તા.૧



રશિયાએ યુક્રેનની રાજધાની કિવ પર મોટો હુમલો કર્યો છે. રશિયન સેનાએ રાતોરાત ૫૦૦ ડ્રોન અને ૪૦ થી વધુ મિસાઈલોથી કિવ પર હુમલો કર્યો હતો. હુમલામાં ઓછામાં ઓછા ચાર લોકો માર્યા ગયા અને દસ ઘાયલ થયા. રશિયન હુમલાના જવાબમાં પોલેન્ડે તેનું હવાઈ ક્ષેત્ર બંધ કર્યું, તેના જેટ તૈનાત કર્યા. આ હુમલો એટલો ઘાતક હતો કે આખી રાત કિવ પર ડ્રોન ઉડતા રહ્યા, અને મિસાઈલો અને રોકેટનો અવાજ ગુંજતો રહ્યો. સ્વતંત્ર દેખરેખ જૂથો કહે છે કે ફેબ્રુઆરી ૨૦૨૨ માં યુક્રેનિયન યુદ્ધ શરૂ થયા પછી આ શહેર પરના સૌથી મોટા હુમલાઓમાંનો એક હતો. શનિવાર રાત્રે રશિયાએ રવિવારે સવારે યુક્રેનની રાજધાની પર એક વિશાળ ડ્રોન અને મિસાઈલ હુમલો કર્યો, જેમાં ચાર લોકો માર્યા ગયા અને લગભગ દસ ઘાયલ થયા. કિવના લશ્કરી વહીવટના વડા તૈમુર ટાકાચેન્કોએ ટેલિગ્રામ પર જણાવ્યું હતું કે માર્યા ગયેલા લોકોમાં ૧૨ વર્ષની છોકરીનો પણ સમાવેશ થાય છે, પરંતુ હજુ સુધી આની સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

# ભારતના પાંચમી પેઢીના ફાઈટર જેટ બનાવવા માટે સાત કંપનીઓએ બોલી લગાવી, બેની પસંદગી થશે

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧

ભારતીય વાયુસેનામાં પાંચમી પેઢીના ફાઈટર એરક્રાફટને સામેલ કરવાની પ્રક્રિયા ઝડપથી આગળ વધી રહી છે. ભારત સરકાર ૨ લાખ કરોડના ખર્ચે ૧૨૫ થી વધુ એરક્રાફટ બનાવવાની યોજના ધરાવે છે. આ પ્રોજેક્ટ માટે સાત કંપનીઓએ બોલી લગાવી છે. એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ એરક્રાફટ ભારતમાં બનાવવામાં આવશે. આ પાંચમી પેઢીના સ્ટીલ્થ ફાઈટર જેટ હશે. ડીઆરડીઓ (ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન) પ્રોટોટાઈપ ડિઝાઈન અને વિકસાવવા માટે એક અથવા વધુ કંપનીઓ સાથે ભાગીદારી કરી શકે છે. સરકાર સાત બોલી લગાવનારી કંપનીઓમાંથી બે પસંદ કરશે. આ કંપનીઓને પાંચ મોડેલ વિકસાવવા માટે ૧૫,૦૦૦ કરોડ મળશે. ત્યારબાદ તેમને વિમાન બનાવવાના અધિકારો આપવામાં આવશે.

# જીએસટી ઘટાડા પછી લોકોને ભાવ ઘટાડાનો લાભ મળવો જોઈએ : દિલ્હી હાઈકોર્ટની હિન્દુસ્તાન યુનિલીવરને ફટકાર

નવીદિલ્હી,તા.૧




હિન્દુસ્તાન યુનિલીવરને લગતા કેસની સુનાવણી કરતા, દિલ્હી હાઈકોર્ટે જણાવ્યું હતું કે લોકોને જીએસટી દરમાં ઘટાડાનો લાભ મળવો જોઈએ. કોર્ટે સ્પષ્ટ કર્યું કે ભાવમાં ઘટાડો જરૂરી છે. જૂની કિંમતો જાળવી રાખીને ઉત્પાદનની માત્રામાં વધારો કરવો એ યોગ્ય અભિગમ નથી. હિન્દુસ્તાન યુનિલીવર લિમિટેડની વિતરણ કંપની મેસર્સ શર્મા ટ્રેડિંગ દ્વારા દાખલ કરાયેલી અરજીની સુનાવણી કરતી વખતે દિલ્હી હાઈકોર્ટે આ ચુકાદો આપ્યો હતો. કોર્ટે તેના નિર્ણયમાં જણાવ્યું હતું કે જીએસટી દર ઘટાડવાનો મુખ્ય હેતુ સામાન્ય લોકો માટે વસ્તુઓને સસ્તી બનાવવાનો છે. તેથી, આ ઉદ્દેશ્ય ત્યારે જ પ્રાપ્ત થશે જ્યારે કિંમતો ઓછી કરવામાં આવે. ૨૦૧૭માં જીએસટી દરમાં ફેરફાર થયા પછી, વેસેલિન પરનો કર દર ૨૮% થી ઘટાડીને ૧૮% કરવામાં આવ્યો હતો. જોકે, વેસેલિનએ તેના ઉત્પાદનના ભાવ જાળવી રાખ્યા. ભાવ ઘટાડવાને બદલે, કંપનીએ તેના ઉત્પાદનનો જથ્થો વધારીને બેઝ પ્રાઈસ ૧૪.૧૧ પ્રતિ યુનિટ કરી છે.

# નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સમાં યુપીમાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ સુધરી

લખનૌ,તા.૧

નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (એનસીઆરબી) ના 'ભારતમાં ગુના ૨૦૨૩' રિપોર્ટમાં ઉત્તર પ્રદેશમાં યોગી આદિત્યનાથ સરકારની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની પ્રશંસા કરવામાં આવી છે. એનસીઆરબી ડેટા અનુસાર, ૨૦૨૩માં ઉત્તર પ્રદેશમાં સાંપ્રદાયિક અને ધાર્મિક રમખાણોની સંખ્યા શૂન્ય હતી. યોગી પહેલા ઉત્તર પ્રદેશમાં આવું ક્યારેય બન્યું ન હતું. વધુમાં, ઉત્તર પ્રદેશમાં ગુનાનો દર રાષ્ટ્રીય સરેરાશ કરતા એક ક્વાર્ટર ઓછો છે. દેશના સૌથી મોટા રાજ્યમાં એકંદર ગુના દર રાષ્ટ્રીય સરેરાશ કરતા ૨૫% ઓછો હતો, જે ૪૪૮.૩ ની સરખામણીમાં ૩૩૫.૩ હતો. એનસીઆરબીના આંકડા સાબિત કરે છે કે ૨૦૧૭ પછી, ઉત્તર પ્રદેશ શાંતિ અને સામાજિક સંવાદિતાનો ગઢ બની ગયો છે. એનસીઆરબીના અહેવાલમાં ઉત્તર પ્રદેશમાં શૂન્ય સાંપ્રદાયિક રમખાણો જણાવવામાં આવ્યા છે, જે ૨૦૧૭ થી રાજ્યમાં લાગુ કરાયેલ શૂન્ય સહિષ્ણુતા નીતિનું જીવંત ઉદાહરણ છે. બીજી બાજુ, ૨૦૧૨ થી ૨૦૧૭ વચ્ચેના પાંચ વર્ષના આંકડા ચિંતાજનક છે.



# અમરેલી સહિત સૌરાષ્ટ્રમાં આજે ભારે વરસાદની આગાહી

## બે દિવસ સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના

અમરેલી, તા.૦૧

હવામાન વિભાગ દ્વારા આગામી ૭ દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યના કેટલાક જિલ્લાઓમાં આજે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. એ. કે. દાસના જણાવ્યા અનુસાર, કચ્છમાં વોલમાર્ક લો પ્રેશર અને બે મોન્સૂન ટ્રફના કારણે રાજ્યમાં વરસાદ રહેશે. આગામી ત્રણ દિવસ કચ્છ અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે આજે કચ્છ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, રાજકોટ, અમરેલી, ગીર સોમનાથ, દીવમાં યલો અલર્ટ સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા આગામી બે દિવસ માછીમારોને દરિયો ન ખેડવા ચેતવણી આપવામાં આવી છે. આજે અમદાવાદમાં વીજળી સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

## ગુરૂવાર સુધી વરસાદી રાઉન્ડ રહેશે : પરેશ ગોસ્વામી

હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીએ વરસાદની આગાહી કરતાં જણાવ્યું હતું કે, ૨૦૨૫ની ચોમાસાની સિઝનનો વરસાદનો છેલ્લો રાઉન્ડ શરૂ થયો છે. ૨ ઓક્ટોબર સુધી આ વરસાદી રાઉન્ડ શરૂ રહેશે, જેમાં રાજ્યના અનેક વિસ્તારોમાં સામાન્યથી મધ્યમ અને મોટા ભાગના વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવનાઓ છે. અનેક જગ્યાએ બેથી પાંચ ઈંચ તો કોઈ જગ્યાએ પાંચ ઈંચથી પણ વધુ વરસાદ વરસી શકે છે. ખાસ કરીને બંગાળની ખાડીનું સાઈક્લોનિક સર્ક્યુલેશન હતું એણે પશ્ચિમ દિશામાં ગતિ કરી, એ સાઈક્લોનિક સર્ક્યુલેશન ૨૪ સપ્ટેમ્બરે મહારાષ્ટ પર આવીને મજબૂત બનીને લોપ્રેશર બન્યું હતું, જે વધુ સ્ટ્રોંગ થઈ ડિપ્રેશનમાં ફેરવાયું છે. આ સિસ્ટમ હજુ પણ મજબૂત બની શકે છે, જેના કારણે મુંબઈની અંદર ભારેથી અતિભારે વરસાદ વરસી શકે છે.







# વેરાવળના સિડોકર ગામે ત્રણ લોકોને વીજકરંટ લાગતા મોત

વેરાવળ,તા.૦૧



ગીર સોમનાથમાં વેરાવળના સિડોકર ગામે નોરતાનો તહેવાર માતમમાં ફેરવાયો હતો. મોમાઈ માતાજીના મઢ ખાતે પૂંજ ઉત્સવ દરમિયાન વીજકરંટ લાગતાં સગીર સહિત ૩ ભક્તનાં કરુણ મોત નિપજ્યા હતા. નવરાત્રિની આઠમ અને નોમના પાવન પ્રસંગે ઉત્સવ દરમિયાન સવારે સાડાચાર વાગ્યે વરસાદ વરસવાનું શરૂ થયું. આ સમયે ભંડારા પાસે ઉભેલા ત્રણેય વરસાદથી બચવા ઈલેક્ટ્રિક પેનલ બોર્ડ નજીક ગયા હતા. જોકે અચાનક શોર્ટસર્કિટ થઈ અને ત્રણેયને એટલો જોરદાર કરંટ લાગ્યો કે ઘટનાસ્થળે જ શ્વાસ છોડી દીધા હતા.



सत्यमेव जयते
ગુજરાત સરકાર
स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर
સ્વભાવ સ્વચ્છતા - સંસ્કાર સ્વચ્છતા
સ્વદેશીવ્રત
આ યુગનું મહાવ્રત છે
- મહાત્મા ગાંધી
મહાત્મા ગાંધીજીને જન્મજયંતી
નિમિત્તે શત્ શત્ નમન
સ્વચ્છતા
અને
સ્વદેશી
અપનાવીએ
"ભારતના લોકોની મહેનત અને કૌશલ્યથી બનેલી
'મેઇડ ઇન ઇન્ડિયા' વસ્તુઓ ખરીદવાનો સંકલ્પ કરીએ"
- શ્રી નરેન્દ્રભાઇ મોદી, વડાપ્રધાન
: ગરિમામયી ઉપસ્થિતિ :
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
રાષ્ટ્રપિતા પૂજ્ય મહાત્મા ગાંધીજીની
જન્મજયંતીના અવસરે
સર્વધર્મ પ્રાર્થનાસભા
તારીખ : ૨ ઑક્ટોબર, ૨૦૨૫, ગુરુવાર
સમય : સવારે ૮-૦૦ વાગે
સ્થળ : કીર્તિમંદિર, પોરબંદર
ગાંધી જયંતીના પાવન અવસરે
તા.૩૧.૧૨.૨૦૨૫ સુધી
ગુજરાતમાં ઉત્પાદિત ખાદી અને
પોલીવસ્ત્રના વેચાણ પર
ખાસ વળતર અપાશે.
ખાદી ગ્રામોદ્યોગ સાથે જોડાયેલાં
પરિવારોને મળશે સતત રોજગારી
હર ઘર સ્વદેશી
ઘર-ઘર સ્વદેશી